RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 90* Date: 26.01.2022 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-




## દેશમાં ૧૫ ફેબ્રુઆરી બાદ કોરોના કેસમાં ઘટાડો થવાની આશા

નવીદિલ્હી,તા.૨૫

દેશમાં રિકવરી રેટ ઘટીને ૯૩.૦૭ ટકા નોંધાયો છે. ડેઈલી પોઝિટિવિટી રેટ વધીને ૨૦.૭૫ ટકા થયો છે જયારે વીક્લી પોઝિટિવિટી રેટ પણ વધીને ૧૭.૦૩ ટકા થયો છે. મુંબઈમાં કોરોનાના ૮૮ ટકા પોઝિટિવ સેમ્પલ્સમાં ઓમિક્રોન જોવા મળ્યો છે. આમ શહેરમાં તેનું પ્રભુત્વ વધ્યું છે. સરકારે દિલ્હીમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે બહાર પાડેલી ગાઈડલાઈન્સ મુજબ રાજપથ પરની પરેડમાં વેક્સિન ન લીધી હોય તેવા લોકોને તેમજ ૧૫ વર્ષથી ઓછી ઉંમરનાં કિશોરોને પ્રવેશ અપાશે નહીં. સોશિયલ ડિસ્ટન્સિંગનું પણ કડકાઈથી પાલન કરાવાશે. ઈન્દોરમાં ઓમિક્રોનનું નવું સ્વરૂપ જોવા મળ્યું છે. ૧૮ દિવસમાં ૨૧ સંક્રમિતો પૈકી ૦૬ બાળકોને સંક્રમણ થયું છે. તેમનાં ફેફસાંને અસર થતા સ્થિતિ ગંભીર બની છે.કોરોનાનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે ત્યારે દેશમાં ૧૫ ફેબ્રુઆરી સુધીમાં કેસમાં ઘટાડો થશે તેમ કેન્દ્રનાં આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું. કેટલાક રાજ્યો અને મેટ્રો શહેરોમાં કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

## પીએફ પરના ટેક્સમાં છુટની મર્યાદા વધારવામાં આવશે

નવીદિલ્હી,તા.૨૫

સરકારે બજેટ ૨૦૨૧માં પીએફ યોગદાન પર આવકવેરા મુક્તિની મર્યાદા ૨.૫ લાખ રૂપિયા નક્કી કરી હતી. જો કે, બાદમાં તે વધારીને ૫ લાખ કરવામાં આવી હતી પરંતુ તેનો લાભ માત્ર એ યોગદાન પર એટલે કે સરકારી કર્મચારીઓને જ મળવાનો હતો. સરકારના પગલાની નિષ્ણાતો દ્વારા સમાનતાના અધિકારોના ઉલ્લંઘન તરીકે વ્યાપક ટીકા કરવામાં આવી હતી. ટેક્સ બાબતોના નિષ્ણાત બળવંત જૈનનું કહેવું છે કે સરકાર બજેટમાં પીએફ પર ટેક્સ છૂટની મર્યાદા વધારી શકે છે અને શરત પણ નક્કી કરી શકે છે.

આ હેઠળ જો એમ્પ્લોયર વતી યોગદાન ન આપ્યું હોય તો જ ૫ લાખ સુધીના યોગદાન પર આવકવેરામાં છૂટ આપવામાં આવશે. જો એમ્પ્લોયર વતી કર્મચારીના પીએફમાં પણ યોગદાન આપવામાં આવે છે, તો આવકવેરા મુક્તિની મર્યાદા માત્ર રૂ. ૨.૫ લાખ રહેશે. આ એટલા માટે થશે કારણ કે જો કર્મચારી ૨.૫ લાખનું યોગદાન આપી રહ્યો છે તો તેના એમ્પ્લોયર પણ તે જ રકમ પીએફ ખાતામાં જમા કરશે અને બંનેને જોડીને ૫ લાખની મર્યાદા પૂર્ણ થાય છે.હાલમાં PF માં કર મુક્તિ રૂ ૨.૫ લાખ સુધીના યોગદાન પર ઉપલબ્ધ છે. કર્મચારીઓ માટે આ સૌથી મહત્વપૂર્ણ સામાજિક સુરક્ષા વિકલ્પ માનવામાં આવતો હોવાથી સરકાર આ મર્યાદા વધારવાનું વિચારી શકે છે.

### સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું પાલન કરવાના હેતુથી

## લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી અલગ અલગ સમયે ચાલશે

નવીદિલ્હી,તા.૨૫

કોરોના વાયરસ રોગચાળાને ધ્યાનમાં રાખીને નીચલા ગૃહની બેઠક દરમિયાન બંને ગૃહોની ચેમ્બર અને ગેલેરીનો ઉપયોગ સભ્યોને બેસવા માટે કરવામાં આવશે. રાજ્યસભાની કાર્યવાહીનો વાસ્તવિક સમય શું હશે તેની કોઈ ઔપચારિક માહિતી નથી. જો કે તેની બેઠક સવારે ૯ થી ૨ વાગ્યા સુધી યોજાય તેવી શક્યતા છે.રાષ્ટ્રપતિનું સંબોધન ૩૧ જાન્યુઆરીએ થશે. બજેટ સત્રનો બીજો તબક્કો ૧૪ માર્ચથી શરૂ થશે અને ૮ એપ્રિલ સુધી ચાલશે. વર્ષ ૨૦૨૦નું ચોમાસું સત્ર આવું પ્રથમ સત્ર હતું જે દરમિયાન કોવિડના કારણે બંને ગૃહોની બેઠકો એક જ દિવસે અલગ-અલગ સમયે યોજાઈ હતી. ગયા વર્ષના બજેટ સત્રના પ્રથમ તબક્કા દરમિયાન પણ આ જ વ્યવસ્થા કરવામાં આવી હતી. બજેટ સત્રના બીજા તબક્કા અને ત્યારબાદ ચોમાસુ સત્ર અને શિયાળુ સત્ર દરમિયાન લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી રાબેતા મુજબ શરૂ થઈ હતી. સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે જયારે રાષ્ટ્રપતિ બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે અને ૮ એપ્રિલે સમાપ્ત થશે. સંસદીય બાબતોની કેબિનેટ સમિતિની ભલામણો અનુસાર, કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલશે. આ પછી, સત્રનો બીજો તબક્કો ૧૪ માર્ચથી શરૂ થશે અને એક મહિનાની રજા પછી ૮ એપ્રિલ સુધી ચાલશે.સંસદના બજેટ સત્રના પ્રથમ તબક્કા દરમિયાન, લોકસભા અને રાજ્યસભાની બેઠક દિવસના અલગ-અલગ સમયે યોજવામાં આવશે જેથી કરીને કોવિડ સંબંધિત સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું પાલન કરી શકાય.



૩૧ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલા બજેટ સત્ર દરમિયાન બંને ગૃહોની બેઠકો અલગ-અલગ સમયે પાંચ-પાંચ કલાક ચાલશે. ૧ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યે લોકસભાની બેઠક મળશે અને તે દિવસે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવશે. ૨ ફેબ્રુઆરીથી લોકસભાની કાર્યવાહી સાંજે ૪ થી ૯ વાગ્યા સુધી ચાલશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૧ ફેબ્રુઆરીએ યોજાનાર છે.

## ચુંટણીમાં ખોટા વાયદાઓ સામે સુપ્રીમ કોર્ટની ચુંટણી પંચ, કેન્દ્રને નોટિસ

નવીદિલ્હી,તા.૨૫

સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરાયેલી અરજીમાં ગેરવાજબી વચનો આપનાર અથવા ચૂંટણી પહેલા જનતાના પૈસામાંથી મફત ભેટોનું વિતરણ કરનાર રાજકીય પક્ષની નોંધણી રદ કરવાની માંગ કરવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે મતદારો પાસેથી અયોગ્ય રાજકીય લાભ મેળવવા માટેના આવા પગલાં પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવો જોઈએ કારણ કે તે બંધારણનું ઉલ્લંઘન કરે છે અને ચૂંટણી પંચે યોગ્ય પગલાં લેવા જોઈએ. અરજીમાં કોર્ટને વિનંતી કરવામાં આવી હતી કે ચૂંટણી પહેલાં જાહેર નાણાંનો આવો બગાડ મતદારો પર પ્રભાવ પાડે છે. એડવોકેટ અશ્વિની ઉપાધ્યાય દ્વારા દાખલ કરાયેલી અરજીમાં વિકલ્પ તરીકે આ સંદર્ભે કાયદો ઘડવા કેન્દ્રને નિર્દેશ આપવાની માંગ



કરવામાં આવી હતી. અરજદારનું કહેવું છે કે તાજેતરની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને મતદારોને મફતમાં ગિફ્ટ આપીને પ્રભાવિત કરવાની રાજકીય પાર્ટીઓની વૃત્તિ માત્ર લોકતાંત્રિક મૂલ્યોના અસ્તિત્વ માટે સૌથી મોટો ખતરો નથી પરંતુ બંધારણની ભાવનાને પણ ઠેસ પહોંચાડે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ અનૈતિક પ્રથા સત્તામાં રહેવા માટે સરકારી તિજોરીના ખર્ચે મતદારોને લાંચ આપવા સમાન છે અને લોકતાંત્રિક સિદ્ધાંતો અને પ્રથાઓનું ઉલ્લંઘન કરવાનું ટાળવું જોઈએ. અરજદારે સર્વોચ્ચ અદાલતને વિનંતી કરી છે કે કોર્ટ જાહેર કરે કે સરકારી નાણાંથી ખાનગી ચીજવસ્તુઓ અથવા સેવાઓ, જે જાહેર હેતુઓ માટે નથી, તેની ચૂંટણી પહેલા જાહેરાત ન થઈ શકે. તે બંધારણની ઘણી કલમોનું ઉલ્લંઘન કરે છે જેમાં કલમ ૧૪ (Article-14,કાયદા સમક્ષ સમાનતા)નો સમાવેશ થાય છે. અરજીમાં કેટલાક રાજ્યોમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણીમાં કેટલાક રાજકીય પક્ષો દ્વારા આપવામાં આવેલા વચનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.સુપ્રીમ કોર્ટમાં આજે ભાજપના નેતા અશ્વિની ઉપાધ્યાયની અરજી પર સુનાવણી થઈ. આ અરજીમાં એવી માગણી કરવામાં આવી હતી કે ચૂંટણી પહેલા મતદારોને રીઝવવા માટે ગેરવાજબી વચનો આપનારા અને મફત ભેટો વહેંચનારા પક્ષોની માન્યતા રદ કરવામાં આવે. સુનાવણી દરમિયાન, કોર્ટે પૂછ્યું કે જ્યારે તમામ રાજકીય પક્ષો આવી મફત ભેટ આપવાનું વચન આપી રહ્યા છે, તો પછી તમે અરજીમાં ફક્ત બે પક્ષોનો ઉલ્લેખ કેમ કર્યો ? બાકીનો ઉલ્લેખ કેમ ન થયો ? કોર્ટે આ મામલે કેન્દ્ર અને ચૂંટણી પંચને નોટિસ પાઠવી છે.

## કોંગ્રેસના આરપીએન સિંહએ રાજીનામું આપ્યું

નવીદિલ્હી,તા.૨૫

કુશીનગરના સાંસદ રહી ચૂકેલા આરપીએન સિંહ પડરૌના રાજઘરાનાથી સંબંધ ધરાવે છે. તેઓ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં સ્વામી પ્રસાદ મૌર્યને પણ ચૂંટણીમાં હરાવી ચૂકયા છે. ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થવાની સ્થિતિમાં તેઓ કોંગ્રેસ અને યુપીમાં ચૂંટણી અભિયાન કરી રહેલા પ્રિયંકા ગાંધી માટે એક મોટો ઝાટકો હશે.કોંગ્રેસ પાર્ટીને ઉત્તર પ્રદેશથી જોરદાર ઝાટકો લાગ્યો છે. જ્યોતિરાદિત્ય સિંધિયા, જિતિન પ્રસાદ બાદ હવે રાહુલ ગાંધીની કોર ટીમનો હિસ્સો રહી ચૂકેલા પૂર્વ કેન્દ્રીય મંત્રી રતનજીત નારાયણ ઉર્ફે આરપીએન સિંહે પણ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. તેઓ આજે જ ભાજપમાં સામેલ થઇ શકે છે. તેમણે તેમનો ટ્વીટર પર બાયો પણ બદલી દીધો છે.

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને રાજીનામું સોંપતા આરપીએન સિંહે લખ્યું કે આજે જ્યારે આખું રાષ્ટ્ર ગણતંત્ર દિવસનો ઉત્સવ મનાવી રહ્યું છે, હું મારા રાજકીય જીવનમાં નવો અધ્યાય આરંભી રહ્યો છું. જય હિંદ. તેમણે દેશ, પ્રજા, પાર્ટીનો સેવાની તક આપવા માટે આભાર માનતા કોંગ્રેસની પ્રાથમિક સભ્યતાથી રાજીનામું આપી દીધું.

સૂત્રોના મતે આરપીએન સિંહની સાથે જ પડરૌનાથી જાહેર ઉમેદવાર મનીષ જયસવાલ, કુશીનગર કોંગ્રેસના પૂર્વ જિલ્લાધ્યક્ષ રાજકુમાર સિંહ પણ કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થશે. મળતી માહિતી પ્રમાણે જિલ્લાની ત્રણ વિધાનસભા સીટો પર ભાજપની તરફથી આ તમામ ઉમેદવાર બનશે. આરપીએન સિંહ આ વખતે ખુદ વિધાનસભા ચૂંટણીમાં ઉતરશે નહીં અને ભવિષ્યમાં ભાજપની તરફથી મોટું પદ મળી શકે છે.

### આગામી બે દિવસ કડકડતી ઠંડી ધ્રુજાવશે

## ગુજરાત સહિત દેશનાં ૮ રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધશે, કેટલાંક રાજ્યોમાં માવઠાંની પણ શક્યતા

ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતમાં ૨ દિવસ સુધી ઠંડીનો ચમકારો યથાવત્ રહેશે. દેશનાં ૮ રાજ્યમાં ઠંડીનો પારો ૫ ડીગ્રી સુધી ગગડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ગુજરાત, દિલ્હી, પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન સહિત અનેક રાજ્યોમાં આગામી ૨ દિવસ હાડ થીજવી નાખે એવી કડકડતી ઠંડી યથાવત્ રહેશે. આ સાથે દેશનાં કેટલાંક રાજ્યોમાં ગાઢ ધુમ્મસ સહિત વરસાદની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી છે, જેને પગલે ઠંડીનું પ્રમાણ વધી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૨૫થી ૨૭ જાન્યુઆરી સુધી ઉત્તરાખંડ, હિમાચલ, કાશ્મીરમાં હિમવર્ષા થશે. દિલ્હીમાં જાન્યુઆરી મહિનામાં વરસાદે રેકોર્ડ તોડી નાખ્યા છે. રવિવારે ૮.૮ સેમી વરસાદ થયો હતો, જે ૧૨૨ વર્ષમાં સૌથી વધારે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, પંજાબ, હરિયાણા, ચંડીગઢ, દિલ્હી, ઉત્તરપ્રદેશ, પૂર્વી રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, આગામી ૨થી ૪ દિવસ સુધી રાજસ્થાન, મધ્યપ્રદેશ તથા ગુજરાતમાં ઠંડીનું મોજું યથાવત્ રહેશે. ઉત્તર ભારતનાં કેટલાંક રાજ્યોમાં વરસાદની શક્યતા તથા હિમવર્ષાની સ્થિતિમાં આ રાજ્યોમાં પણ ઠંડીનું પ્રમાણ નોંધપાત્ર પ્રમાણમાં રહેશે. બીજી બાજુ, દેશભરમાં યથાવત્ ઠંડીની અસર મુંબઈમાં પણ જોવા મળી છે. મુંબઈમાં શનિવારે અને રવિવારે કમોસમી વરસાદ થયો હતો અને એને લીધે અહીં તાપમાનમાં ભારે ઘટાડો થયો હતો. મુંબઈના અનેક વિસ્તારોમાં ન્યૂનતમ તાપમાન ૧૬ ડીગ્રી પહોંચી ગયું હતું. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, પાકિસ્તાનના બલુચિસ્તાનથી આવતી ધૂળની આંધીને લીધે મુંબઈમાં લો વિઝિબિલિટી છે અને ઠંડીનું પ્રમાણ વધ્યું છે. આગામી બે દિવસ સુધી આ સ્થિતિ જળવાશે.

### કેપ્ટનનો ધડાકો

## સિદ્ધુને મંત્રી બનાવવા પાક.થી ભલામણ આવી હતી: કેપ્ટન

પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલાં રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને પંજાબ લોક કોંગ્રેસના અધ્યક્ષ કેપ્ટન અમરિન્દર સિંહે દાવો કર્યો છે કે નવજોતસિંહ સિદ્ધુનો મંત્રીમંડળમાં સમાવેશ કરવા માટેની ભલામણ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને કરી હતી. કેપ્ટને કહ્યું હતું કે સિદ્ધુ કોઈ કામના નથી, તે તદ્દન અયોગ્ય વ્યક્તિ છે. કેપ્ટને કહ્યું હતું કે ૨૮ નવેમ્બરે જ મેં સિદ્ધુને કેબિનેટમાંથી દૂર કર્યા હતા. તેમણે ૭૦ દિવસ સુધી ફાઈલ પર હસ્તાક્ષર કર્યા નહોતા.

ઉલ્લેખનીય છે કે પંજાબમાં કેપ્ટન અમરિંદર સિંહની પાર્ટી ભાજપની સાથે મળીને ચૂંટણી લડી રહી છે. તેમણે કહ્યું હતું કે દેશની સુરક્ષા અને સ્થિરતા માટે અમે સાથે આવ્યા છીએ. પાકિસ્તાનથી એક હજાર રાઈફલ, ૫૦૦ પિસ્તોલ અને આરએસડી ડ્રોન પંજાબમાં મોકલવામાં આવ્યા હતા. આ વિશે અમે પંજાબ પોલીસ, બીએસએફને પૂછ્યું હતું તો જાણવા મળ્યું કે તે એક ચોક્કસ સ્થળે મોકલવામાં આવે છે.

સોમવારે પ્રેસ કોન્ફરન્સમાં કેપ્ટને જણાવ્યું હતું કે 'પાકિસ્તાનના વડાપ્રધાને અપીલ કરી હતી કે જો તમે નવજોતસિંહ સિદ્ધુને મંત્રીમંડળમાં સામેલ કરશો તો હું આભારી રહીશ. તેઓ મારા જૂના મિત્ર છે અને જો તેઓ સારું કામ નહીં કરે તો તમે એમને દૂર કરી શકો છો.' અમરિંદર સિંહે આ દાવો કરતા જણાવ્યું હતું કે આ અપીલ મેં નકારી દીધી હતી અને સિદ્ધુને મારી કેબિનેટમાંથી હટાવી દીધા હતા.

## દેશમાં એક દિવસમાં ૫૩ હજાર કેસ ઘટ્યા, ૨.૫૫ લાખ નવા કેસ, ૬૧૪નાં મોત

દેશમાં સતત ચોથા દિવસે કોરોનાના નવા કેસમાં મોટો ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨ લાખ ૫૫ હજાર ૮૭૪ કોરોનાના નવા કેસ મળી આવ્યા હતા. આ દરમિયાન ૨.૬૭ લાખ લોકો સાજા થયા, જયારે ૬૧૪ લોકો મૃત્યુ પામ્યા છે. ગત દિવસની સરખામણીએ નવા કેસમાં લગભગ ૫૩ હજારનો ઘટાડો થયો છે. હાલમાં દેશમાં કુલ એક્ટિવ કેસ એટલે કે સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યા ૨૨.૨૮ લાખ છે.

રવિવારે દેશમાં ૩,૦૬,૦૬૪ કોરોનાના નવા દર્દી મળી આવ્યા હતા. આ દરમિયાન ૨.૪૩ લાખ લોકો સાજા થયા, જ્યારે ૪૩૯ લોકોનાં મોત થયાં. જ્યારે શનિવારે ૩ લાખ ૩૩ હજાર ૫૩૩ કોરોનાના નવા કેસ મળી આવ્યા છે. આના એક દિવસ પહેલાં શુક્રવારે ૩.૩૭ લાખ લોકો અને ગુરુવારે ૩.૪૭ લાખ લોકો સંક્રમિત જોવા મળ્યા હતા.

સરકારે કહ્યું હતું કે કોરોનાના કેસ ૧૫ ફેબ્રુઆરી પછી ઘટવા લાગશે. સમાચાર એજન્સી છદ્ગૈંના અહેવાલ મુજબ, કેટલાંક રાજયો અને મેટ્રો શહેરોમાં ૧૫ ફેબ્રુઆરી પછી કેસ ઓછા થશે અને સંક્રમણમાં સ્થિરતા આવવા લાગશે. વેક્સિનેશનને કારણે ત્રીજી લહેરની અસર નોંધપાત્ર રીતે ઘટી છે.

આ દરમિયાન, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મંગળવારે કહ્યું કે અમે ટૂંક જ સમયમાં કોરોના નિયંત્રણોને હટાવીશું. દિલ્હીમાં ૧૦૦% લોકોને પહેલો ડોઝ લાગી ચૂક્યો છે. અને ૮૨% લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. મને લાગે છે કે સમગ્ર દેશ અને દુનિયામાં આ એક રેકોર્ડ છે. બૂસ્ટર ડોઝ પણ ખૂબ જ ઝડપથી લગાવવામાં આવી રહ્યા છે.

તેમણે ઉમેર્યું કે રાજધાનીમાં આજે પોઝિટિવિટી રેટ આશરે ૧૦% છે. છેલ્લા ૧૦ દિવસમાં પોઝિટિવિટી રેટમાં ૨૦%નો ઘટાડો નોંધાયો છે. ૧૫ જાન્યુઆરીએ પોઝિટિવીટી રેટ ૩૦% નોંધાયો હતો. મોટી સંખ્યામાં વેક્સિનેટેડ લોકો હોવાના કારણે રાજધાનીમાં કેસ ઓછા થઈ રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# ભારતીયોના પૈસા પડાવી ચીન મોકલ્યા ?

***તાજેતરમાં જ આરઓસીએ દિલ્હી, મુંબઈ, ગુજરાત સહિતનાં રાજ્યોમાં આ રીતે ચાલતી ચીનની કંપનીનું કૌભાંડ પકડી પાડ્યું હતું, જે અંગે આરઓસીના અધિકારી દ્વારા થોડા દિવસ પહેલાં જ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ૨ ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જ્યારે સોમવારે આ ત્રીજી ફરિયાદ નોંધવામાં આવી છે. હજુ આગામી ૨૪ કલાકમાં આરઓસી દ્વારા વધુ ૨ પોલીસ ફરિયાદ નોંધાવાશે. આરઓસીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારતમાં કંપનીઓ શરૂ કરીને હવાલા મારફત પૈસા ચીન મોકલવાનું કૌભાંડ ૩ વર્ષથી ચાલે છે. તાજેતરમાં કૌભાંડ પકડાતાં આ અંગે આરઓસીએ મુંબઈ અને દિલ્હીમાં કેટલીક કંપનીઓ સામે ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ હવે અમદાવાદમાં પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. ટૂંક જ સમયમાં જે કંપનીઓના ડિરેક્ટર ભારતીય નાગરિકોમાંથી વિદેશી નાગરિકો બની ગયા છે એવી સંખ્યાબંધ કંપનીઓની યાદી આરઓસીએ તૈયાર કરી છે. એમાં પણ એવી કંપનીઓ કે જેમાં ડિરેક્ટર ચીનના લોકો બન્યા છે, તેવી કંપનીઓની માહિતી એકત્રિત કરીને એ કંપનીઓની તપાસ શરૂ કરવામાં આવી છે, જેથી આગામી દિવસોમાં આવી સંખ્યાબંધ કંપનીઓ સામે વધુ પોલીસ ફરિયાદો કરવામાં આવશે. આ તમામ કંપનીઓમાં જે પણ ભારતના નાગરિક પૈસાનું રોકાણ કરતા હતા એ હવાલા મારફત ચીન મોકલવામાં આવતા હતા. જોકે ચીનની કંપનીના ડિરેક્ટર સૌંગુ લિયુએ ટૂંક જ સમય માટે ભારતના નાગરિકોને તેમની કંપનીના ડિરેક્ટર તરીકે રાખ્યા હતા. ત્યાર બાદ તેમનાં રાજીનામાં લખાવી લીધાં હતાં અને પોતે કંપનીના ડિરેક્ટર બની ગયા હતા. આ રીતે આ ૨૩ જેટલી કંપનીઓ છેલ્લાં ૩ વર્ષ કરતાં પણ વધારે સમયથી ભારતમાં કાર્યરત હતી. ભારતના નાગરિકોને ડાયરેક્ટર બનાવીને ભારતમાં કંપનીઓ શરૂ કરાવીને હવાલા મારફત પૈસા ચીન ટ્રાન્સફર કરવાના કૌભાંડમાં આરઓસી એ વધુ એક પોલીસ ફરિયાદ નોંધાવી છે, જેમાં બિટકોઈન તેમજ અન્ય ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાની લાલચ આપીને દિલ્હી, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ સહિતનાં રાજ્યોમાં કંપનીઓ શરૂ કરી હતી. એમાં ભારતના ૨ નાગરિકને જુદી જુદી ૨૩ કંપનીના ડિરેક્ટર બનાવીને તેમને ટૂંકા ગાળામાં ડાયેરકટપદ પરથી હટાવીને ચીનની કંપનીનો માલિક તમામ કંપનીઓમાં ડિરેક્ટર બની ગયો હતો. નારણપુરા ખાતેની આરઓસીના આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર ગજાનંદ કાટે(૪૪)એ સુનીલકુમાર, સૌંગુ લિયુ, સંજીવરાય કેવાય રાય, રજની કોહલી, ગૌરવ મિત્તલ અને મેરુવા ભાનુ પ્રકાશ વિરુદ્ધ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવ્યા અનુસાર, ચીનની કંપનીના ડિરેક્ટર સૌંગ લિયુએ સુનીલકુમારને ડિરેક્ટર બનાવીને વીપીઓ નેટવર્ક ટેકનોલોજી નામની કંપની બેંગલુરુમાં શરૂ કરી હતી. સુનીલકુમારને અન્ય ૧૩ કંપનીના ડિરેક્ટર બનાવ્યા હતા, જ્યારે સંજીવ રાયને આંધ્રપ્રદેશમાં એસબીડબ્લ્યુ સાઉથ એશિયન નામની કંપની શરૂ કરી એમાં ડિરેક્ટર બનાવ્યા હતા. આ સાથે સંજીવ રાયને અન્ય ૧૦ કંપનીઓના ડિરેક્ટર બનાવવામાં આવ્યા હતા. આ કંપનીઓ દ્વારા એવી જાહેરાત કરવામાં આવી હતી કે તેમની કંપની બિટકોઈન તેમ જ અન્ય ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરે છે. તેમની કંપનીમાં રોકાણ કરેલા પૈસા તેઓ માઈનિંગ મશીનોમાં ઇન્વેસ્ટ કરે છે અને તેમની કંપની અમેરિકન બીટકોઈન કંપની સાથે જોડાયેલી છે, જેથી તેઓ રોકાણકારોને એવી લાલચ આપતા હતા કે તમે અમારી કંપનીમાં રોકાણ કરેલા પૈસા માઈનિંગ મશીનની ખરીદી કરવામાં વાપરવામાં આવે છે, એવું કહીને ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરાવવામાં આવતું હતું. જ્યારે આ બંને કંપનીઓની સ્થાપના કંપની સેક્રેટરી(સીએસ) રજન કોહલી(દિલ્હી) દ્વારા કરવામાં આવી હતી.***

# ડીસામાં પરિણીતાને ત્રાસ આપતાં ૪ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

બનાસકાંઠા બ્યુરો
દીલીપ ગોહીલ

ડીસાની એક પરિણીતાને તેના સાસરી પક્ષના લોકો દ્વારા દહેજની માંગણી કરી અવાર-નવાર મારઝૂડ કરી શારીરિક-માનસિક ત્રાસ આપતાં ડીસાની એક પરિણીતાએ તેના પતિ સહીત સાસુ-સસરા અને દિયર સામે ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની વિગત એવી છે કે, ડીસાના ગુલબાણીનગરમાં દિનેશભાઇ જોષીની દીકરી જયશ્રીબેનના લગ્ન તા. ૧૭/૦૫/૨૦૧૯ ના રોજ સમાજના રીત-રીવાજ મુજબ મહેસાણા જીલ્લાના લાખણોજમાં રહેતાં ગોવિંદભાઇ મણિશંકર દવેના દીકરા પંકજ સાથે થયા હતા.

લગ્ન બાદ જયશ્રીબેન મહેસાણાના લાખણોજમાં હતા. તે દરમિયાન સાસુ શોભનાબેન ગોવિંદભાઇ દવે અને સસરા ગોવિંદભાઇ મણિશંકર દવે જયશ્રીબેનને વારે ઘડીએ દહેજમાં એક રૂપિયો કે દર દાગીના લાવેલ નથી.

તેમ કહી જયશ્રીબેનના પતિ પંકજભાઇને ચડામણી કરી અવાર-નવાર જયશ્રીબેનને ત્રાસ આપી હેરાન-પરેશાન કરી મારઝૂડ કરતા હતા અને નાની-નાની બાબતે ઝઘડો કરી મેણા-ટોણા મારી મા-બેન સામા અપશબ્દો બોલતા હતા.

પરંતુ જયશ્રીબેનનો ઘરસંસાર ન બગડે જેથી જયશ્રીબેન મૂંગા મોઢે સહન કરી રહેતા હતા. પરંતુ સાસરી પક્ષ દ્વારા અતિશય ત્રાસ આપવાના કારણે તા.૨૧/૧૧/૨૦૨૦ ના રોજ જયશ્રીબેન પહેરેલ કપડે પોતાના પિયર ડીસામાં આવી ગયા હતા.

પરંતુ જયશ્રીબેનના પરિવારે પોતાની દીકરીનો ઘર સંસાર ન બગડે જેથી તેમના પરિવારે જયશ્રીબેનના સાસરી પક્ષના લોકોને અનેકવાર સમજાવ્યા હતા.

પરંતુ જયશ્રીબેનના સાસરી પક્ષના લોકો દ્વારા કોઈ જ પ્રકારે માનવા કે તૈયાર ન હોય જેથી જયશ્રીબેન દિનેશભાઇ જોષીએ ડીસા ઉત્તર પોલીસ મથકે પતિ પંકજભાઇ ગોવિંદભાઇ દવે, સસરા ગોવિંદભાઈ મણિશંકર દવે, સાસુ શોભનાબેન ગોવિંદભાઇ દવે અને દિયર પિયુષભાઇ ગોવિંદભાઇ દવે સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વૈભવમાં નહી, ઇશ્વર કૃપાથી જ આનંદની પ્રાપ્તિ સંભવ

આજનો માનવી દિવસ રાત પોતાની ઈચ્છાઓની પૂર્તિ માટે વ્યસ્ત રહે છે. પોતાના સ્વાર્થના માટે અનેક પ્રકારની યુકિતઓ અજમાવે છે. સંસારમાં ન્યાયથી, અન્યાયથી, નીતિથી, અનીતિથી દુનિયાનો વૈભવ એકઠો કરી શકાય છે પરંતુ તેનાથી પરમાત્મા?ની કૃપા પામી શકાતી નથી. જયાંસુધી પરમાત્માની કૃપા પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી વૈભવના શિખર ઉપર બેસીને પણ માનવીને શાંતિ મળતી નથી. બીજી તરફ પ્રભુ પરમાત્માની કૃપા પ્રાપ્ત થાય છે તો જંગલ હોય કે રેગિસ્તાન તમામ જગ્યાએ, તમામ પરિસ્થિતિઓમાં માનવીની મનઃસ્થિતિ એકરસ રહે છે.

આપણા મનમાં એવો વિચાર આવતો રહે છે કેઃ ભાગદોડ, હરિફાઇ તથા સંઘર્ષશીલ જીવનમાં પ્રભુનું નામ લેવાની પણ ફુરસદ નથી તો પરમાત્માની કૃપા કેવી રીતે મેળવી શકાય? જ્યારે થોડો સમય વિશ્રામ મળે છે ત્યારે આપણે અનુભવીએ છીએ કે મારો તમામ પરિશ્રમ તો ભૌતિક સંપતિ મેળવવા જ થઇ રહ્યો છે તેમછતાં મને શાંતિ મળતી નથી, ત્યારે આપણે નિશ્ચય કરીએ છીએ કે સંપૂર્ણ સંતોષ પ્રકૃતિ કે માયામાં નથી. માનવ પ્રેમની અભિલાષામાં ઘણા સબંધો બાંધે છે તેમછતાં તેને પૂર્ણ પ્રેમ મળતો નથી. રવિન્દ્રનાથ ટાગોરજીએ કહ્યું છે કેઃ હું દરરોજ સુખનું સરનામું મેળવું છું પરંતુ દરેક સાંજે ફરીથી ભુલી જાઉં છું. સવારથી શોધ શરૂ કરૂં છુ પરંતુ સાંજ સુધીમાં અંધકાર સિવાય કંઇ જ પ્રાપ્ત થતું નથી. સૌથી વધુ લોકો આ પીડાથી ત્રસ્ત છે કેઃ શું કરવું ? કયાં જવું ? કયો માર્ગ અપનાવવો ? અમારા જીવનમાં શાંતિ, પ્રેમ, આનંદ કયારે આવશે ? આવા અનેક પ્રશ્નો? મનમાં લગાતાર ઉદભવે છે. એક સિધ્ધાંત છે કે જે વસ્તુ જયાં હોય છે ત્યાંથી જ તેની પ્રાપ્તિ થાય છે, જેમકે

એક માજીની સોય રાત્રિના અંધકારમાં ખોવાઇ ગઇ. તે રસ્તા ઉપરના પ્રકાશમાં વ્યાકૂળતાથી શોધી રહ્યાં છે. તે રસ્તા ઉપરથી પસાર થતા એક વ્યક્તિએ માજીને પુછયું કે મા ! તમારૂં શું ખોવાઇ ગયું છે? વૃધ્ધ માજીએ કહ્યું કેઃ મારી સોય ખોવાઇ ગઇ છે. પેલા વ્યકિતએ ફરીથી પુછયું કેઃ કયાં ખોવાઇ ગઇ હતી? વૃધ્ધ માતાજીએ જવાબ આપ્યો કેઃ મારી ઝુંપડીની અંદર અંધારામાં ખોવાઇ ગઇ હતી. પેલા વ્યકિતએ સમજાવ્યું કેઃ માજી



સોય ખોવાઇ ગઇ છે ત્યાં શોધવાથી જ તે પ્રાપ્ત થશે. પ્રેમ હૃદયમાં અને આનંદ આત્મામાં સમાયેલ છે એટલે પ્રભુ પ્રેમ પ્રાપ્ત કરવો હોય તો તેને હૃદય પટલમાં શોધીએ કે જયાં પરમ પ્રેમાસ્પદ પરમાત્મા નિવાસ કરે છે. સૌથી પહેલી આવશ્યકતા એ છે કેઃ વસ્તુને તેની જગ્યાએ શોધ કરીએ. એવું ના બને કેઃ વસ્તુ કહી ઢૂંઢે કહી કિસ બિધ લાગે હાથ.. જો અમારા જીવનમાંથી આરામ ખોવાઇ ગયો છે તો જાણી લેવું જોઇએ કેઃ સુખ ચૈન કોઇ બહારની વસ્તુ નથી, વૈભવ, ભૌતિક સંપતિથી મળનારી વસ્તુ નથી, પરંતુ તે અંદરનો ખજાનો છે. આપણે સાંસારિક પદાર્થોને જોઇને એવું લાગે છે કેઃ તેમાં સુખ ચૈન સમાયેલું છે, આપણે વિચારીએ છીએ કેઃ ધનથી સુખ ચૈન મળશે, સત્તાથી સુખ મળશે કે શકિતથી આનંદ મળશે, પરંતુ આ તમામ ભ્રાંતિઓ છે, ક્ષણિક વૈષયિક સુખમાં આનંદનો સર્વથા અભાવ હોય છે. શાંતિ મનની અંદર હોય છે, પ્રેમ હૃદયમાં હોય છે અને આનંદ આત્મામાં હોય છે, તેને ત્યાંથી પ્રાપ્ત કરીને સુરક્ષિત રાખવાં પડે છે. તમામની પાસે ચોવીસ કલાકનો સમય હોય છે, આ સમયમાં વ્યકિત શૈતાન પણ બની શકે છે અને દેવતા પણ બની શકે છે. સમયના સદઉપયોગથી વ્યક્તિ આગળ વધી જાય છે અને દુરઉપયોગથી તેને નીચે પછડાવવામાં પણ વાર લાગતી નથી એટલા માટે પ્રભુને પ્રાર્થના કરવી કેઃ હે પ્રભુ ! મને શાંતિ પ્રદાન કરો, પ્રેમ, પ્રસન્નતા અને સુખ ચૈન મને પ્રાપ્ત થાય તેવી મારી કામના છે. પોતાની કામનાને અનુરૂપ જ માનવીને આચરણ કરવું જોઇએ. જો માનવી શાંત રહેવા ઈચ્છતો હોય તો તેને શાંતિદાયક વચનોનો પ્રયોગ કરવો જોઇએ. તેની દિનચર્યા શાંતિથી શરૂ થાય અને શાંતિમાં જ સમાપ્ત થાય એવો પ્રયાસ કરવો જોઇએ. જયારે કોઇ વાત આપણને પ્રતિદિન અશાંત કરવા લાગે તો તેની સામે એકવાર પુરી તાકાતથી લડી લેવું પરંતુ કોશિષ એવી કરવી કે તેનો અંત શાંતિથી જ આવે. આ શાંતિ કામનાઓની પૂર્તિથી મળી શકતી નથી. કામનાઓના ત્યાગમાં, અનાસક્તભાવમાં જ સાચી સુખશાંતિ મળે છે.

જે વ્યક્તિએ સંસારરૂપી જાળને કાપવા માટે ભગવાનનું સ્મરણ નથી કર્યુ અને સ્વર્ગના દ્વારે પહોંચવા માટે જેણે ધર્મરૂપી ધનનો સંગ્રહ નથી કર્યો, જેણે સ્વપ્નમાં પણ નારીને પ્રેમ નથી કર્યો, તેવી વ્યક્તિ યુવાનીમાં તેને જન્મ આપનાર માતાના યૌવનરૂપી વૃક્ષને કાપનાર કુહાડો જ છે કે બીજું કંઈ? આપણે પૃથ્વી પર જન્મ લીધો છે, કંઈક નવું કરીએ જેથી જીવનમાં કંઈક મેળવ્યાનો આનંદ મળે.

આપણને પેદા કરનાર માતાએ અમારો નવ માસ સુધી ભાર વેઠ્યો છે તેને વ્યર્થ ન જવા દઈએ. જ્યારે એક માતા બાળકને જન્મ આપે છે ત્યારે તે બાળક પાસે અનેક અપેક્ષા રાખે છે, તેના માટે ઘણાં સપનાં જુએ છે તેને પૂરાં કરવા પ્રયત્ન કરવા જોઈએ. જે સ્ત્રી સંતોષી હોય અને જેનામાં વધુ ઈચ્છાઓ ન હોય તેનું દામ્પત્ય જીવન હંમેશાં આનંદથી ભરેલું હોય છે. આવી સ્ત્રીનો પતિ ખૂબ નસીબદાર માનવામાં આવે છે. આત્મા સદા આનંદરૂપ છે એને ક્યારેય દુઃખ નથી કારણ કે સુષુપ્તિ અવસ્થામાં વિષયો હોતા નથી, છતાં આત્માનો આનંદ અનુભવાય છે. આ બાબતમાં વેદ, પ્રત્યક્ષ, ઈતિહાસ અને અનુમાન પ્રમાણ છે. જો મનને સુંદર બનાવવું છે, આ મનને આનંદ પ્રદાન કરવો છે તો અમારે પાપ કર્મોથી બચવાનું છે. જો અમે ઘૃણા અને નફરત જેવા પાપ કર્મોથી મુક્ત છીએ તો અમારા જીવનમાં શાંતિ અવશ્ય આવશે. ધીરજ અને સંતોષની અવસ્થા ધારણ કરનારના જીવનમાં આનંદ પ્રાપ્ત થાય છે. જ્યારે પ્રભુ હૃદયમાં વસી જાય તો વિનમ્રતાનો ભાવ સહજમાં જ આવી જાય છે. આજે તમામ વ્યક્તિઓ પરમાત્માની ચર્ચા તો કરે છે પરંતુ પરમાત્માને જાણ્યા વિના ભક્તિ કરી રહ્યા છે, તે પરમાત્માને જાણીને પૂજા કરે તો ભક્તિનો આનંદ આવે છે. કર્તાભાવનો ત્યાગ કરીને કરવામાં આવેલ કર્મ જ સાચો આનંદ આપે છે. આનંદ પ્રાપ્ત કરવો હોય તો ત્રણ કામ કરો. વિતેલી વાતોને વાગોળવી નહીં, ભવિષ્યની ચિંતા ન કરવી અને વર્તમાન પરિસ્થિતિનું અભિમાન ન કરવું.

સંકલનઃસુમિત્રાબેન દાદુભાઇ નિરંકારી
છક્કડીયા, પોસ્ટ:ધાણીત્રા, તા.ગોધરા
Sumi7875@gmail.com

# માનસ સાગર મહેશ એન.શાહ દિ-૩ તા-૨૪ જાન્યુ.

## પરમધર્મની છાયામાં રહીને,ફૂલીને,ફળીને,ફૂલી-ફાલીને કોઇ કહે કે અમે પરમધર્મથી પણ આગળ છીએ એ ઝેર છે.

જે ધારા સનાતની વિચારધારા-પરમધરમને દબાવવા માંગે એ વિષ છે.

સુગમ હોય સમન્વય કરે અને સમર્પણ કરે એ સાધુ.


કોની-કોની સાથે ન બેસવું?

ત્રીજા દિવસની કથા પ્રારંભે રામચરિતમાનસમાં વિવિધ પંક્તિઓમાં સાગર શબ્દ બતાવતા બાપુએ જણાવ્યું કે પ્રારંભે જ

નીલ સરોરૂહ શ્યામ,તરુન અરુન બારિજ નયન

બસઉ મમ ઉરધામ,સદા છીરસાગર શયન

આ સોરઠામાં ક્ષીરસાગર શબ્દ પ્રયોજાયો છે.પંચદેવની પૂજા વિષયક પંક્તિઓમાં દૂધની પરિભાષા શું?દૂધ શું એ વિશે જણાવાયુ છે.નાની-મોટી વિચારધારાઓને આપણે ધર્મ નામ આપ્યું છે એ નહિ પણ પરમધર્મ,સનાતન ધર્મના મંથનની ક્રિયા થાય તો એમાંથી ક્યારેક વિષ-ઝેર પણ નીકળે છે.ક્યા રૂપમાં?પરમધર્મની છાયામાં રહીને,ફૂલીને,ફળીને,ફૂલી-ફાલીને કોઇ કહે કે અમે પરમધર્મથી પણ આગળ છીએ એ ઝેર છે.રામ,કૃષ્ણ,શિવ,દુર્ગાથી પણ અમે મોટા છીએ!નાની-મોટી વિચારધારાઓ પોતાનું લેબલ લગાડે ત્યાં સુધી વાંધો નથી,સનાતન ધર્મ સર્વસ્વિકારક છે,બધાનો આદર કરે છે પણ આ તો વિષ છે,ખૂબ નુકશાનકારક વિષ છે.કોઇ કહે કે મહાદેવ મહાન નથી,દૂધમાં ખટાશ પડી ગઇ.દૂધ ફાટીગયું.કોઇ કહે કે રામાયણમાં છે એ હનુમાન નહિ પણ અમે જેની સ્થાપના કરી એ જ હનુમાન છે!ત્યારે એ વિષ છે.ગોસ્વામી તુલસિદાસજીએ ખૂબ જ હનુમાનમંદિરોની સ્થાપના કરી.ગંગારામ નામના જ્યોતિષનો પ્રસંગ જ્યારે કાશીમાં આ કલિપાવનાવતાર-તુલસિએ સંકટમોચન



હનુમાનની સ્થાપના કરી પછી કોઇનો પુત્ર જીવીત નીકળ્યો ને એ વખતે,આજથી ૫૦૦ વરસ પહેલા દશહજાર રૂપિયા તુલસિજીને ગંગારામે આપ્યા,તુલસિજી તો શું કરે એ પૈસાનું?આથી તેઓએ અનેક હનુમાન મંદિરોની સ્થાપના કરી.

સાગરમાં બે વખત મોજા આવે,જવાર-ભાટા-ભરતી-ઓટ વખતે.પણ માનસરોવર કથામાં વિનમ્ર નિવેદન કરેલું કે માનસના તરંગો જાણે ઝૂંપડી સુધી તુલસિજીની ચોપાઇ રૂપે આવી રહ્યા છે.

ગંગતરંગ પ્રવાહ બહત,ઔર કૂપ કે નીર પિયો ન પિયો;જબ હીદે રઘુનાથ બસે ઔર કો નામ લિયો ન લિયો.

બાપુએ કહ્યું કે આ વિશેષકૃપા છે જ્યારે બે વરસથી કથા કોઇને કોઇ રીતે ચાલુ છે અને આત્માની મોટી-મોટી વાતો કરનારાઓ ન જાણે ક્યા ડરથી બહાર નથી નિકળ્યા!

રામ,કૃષ્ણ,મહાદેવ,ગાયત્રી,દુર્ગા આ બધા મહામંત્ર છે.રામાજ્ઞા પ્રશ્નાવલિમાં મુસાફરી કરતા પહેલા કે ફળકથન સંબંધિત વાતો સાથે આખું માનસ છે.જે ધારા સનાતની વિચારધારા-પરમધરમને દબાવવા માંગે એ વિષ છે.સાધુ કોણ?મને ત્રણ લક્ષણો વિશેષરૂપે દેખાય છે:બધા માટે સુગમ છે એ સાધુ,સમન્વય કરે એ સાધુ અને સમર્પણ કરે એ સાધુ.ગૌમુખની ગંગા સાધુ પણ સુગમ નથી,કાશીની ગંગા સુગમ છે,સમન્વય છે પણ ગંગાસાગર સમર્પણ કરે છે,સુલભ પણ બને કોઇ,પોતાના સ્વાર્થ માટે ઝૂંપડે-ઝૂંપડે પણ જાય પણ સર્વસ્વિકારક ખરાં?કદાચ સમન્વય પણ કરે પણ સમર્પણ?

તલગાજરડાના હનુમાનની મૂર્તિ મારી વ્યક્તિગત નિષ્ઠા પણ એ જ હનુમાન એ કહેવું બરાબર નથી.તુલસિજીએ પરમકૃપાને કાલિકા કેમ કહી?મોહને મારવો છે ત્યાં કાલિકા લખ્યું છે એ જ મોહને ૭૦૦ શ્લોકની ગીતામાં સાવ અંતમાં નષ્ટોમોહા કહ્યું તુલસિજીએ એ પ્રારંભે જ કહી દીધું.વ્યાકરણમાં નહિ આચરણમાં રહો.શિવને કરુણાવતારને બદલે કેમ કઠોર બનાવ્યા એ વિશે સરસ સંવાદી વાત બાપુએ જણાવી અને કહ્યું કે સ્વભાવથી વિરુધ્ધ કામ કરવું પડ્યું એટલે વામદેવ પણ નામ પડ્યું.તાંડવને બદલે રસ લઇ શકાય એવું નૃત્ય કરવા શિવ હનુમાન બને છે.આપણે ઈચ્છીએ છતા ઈર્ષા,નિંદા,ક્લેશ નથી જતા,પરમને જોઇએ તો પણ નથી જતા,કેમ?પરમ આપણા પર નિગાહે-કરમ કરે તો આપણા પંચક્લેષ નિર્મૂળ થાય છે.બાપુએ કહ્યું કે એવી ઘણી વાતો જેમાં પ્રકૃતિએ એનો ક્રમ-નિયમ બદલી નાખ્યો હોય એ અનુભવ્યું પણ કહેતો નથી કારણ કે પરચા,ચમત્કારમાં ખપાવી દેવાશે,મને પરચા-ચમત્કારમાં રૂચિ નથી.આથી ઘણી વાતો નથી કહેતો. આથી જ કહુ છુ સાધુની આંખ ઔષધિ છે સંત સાધુને ચંદ્ર,કામદુર્ગા ગાય અને અમૃત કહીને તુલસિ આ ભવસાગરના રચયિતા બ્રહ્માને વંદન કરે છે.

૧૫ સાગર શબ્દો મળે છે જે રીપીટ નથી થતા,રીપીટેશન ગણીએ તો ૬૪ વખત સાગર શબ્દ મળે છે.

બાપુએ જણાવ્યું કે એવા લોકો સાથે ક્યારેય ન બેસશો જે બહિર્મુખ છે,બહિર્મુખતા સંક્રામક-ચેપી છે.તમને પણ બનાવી દેશે.બહુપ્રકારની બોલી બોલનારા સાથે ન બેસશો.રાવણને દશ મુખ હોવા છતાં એક જ બોલી બોલતો,આપણને એક મુખ છતાં હજાર બોલી બોલીએ!સનાતન ધર્મની વિરુધ્ધમાં વાત કરે એ શાસ્ત્ર પણ ન વાંચશો,એને ધર્મગ્રંથ તો કેમ કહેવો?આપણે ત્યાં નાસ્તિક દર્શનનો પણ સ્વિકાર થયો છે,પણ આવી બહિર્ધારાઓ,નવા-નવા ગ્રંથ(?)મળે છે,ને પંડિતો પૈસા માટે વેંચાઇ રહ્યા છે!જે ગ્રંથિઓને મજબૂત કરે એવા નહિ પણ આપણી ગ્રંથિઓને ભેદે એવા ગ્રંથની જરુર છે.

અહીં અહીર્ભાવથી પણ મારશે,અધિભાવથી પણ મારશે એટલે જ કહ્યું કે મારા પર પીએચડી ન કરશો.

મારે પીએચડીની માનદતા શું ચૂલામાં નાંખીને ચા બનાવવી?

એવા સાધુનો સંગ કરજો જે ગર્ભથી સાધુ,કર્મથી સાધુ અને ધર્મથી પણ સાધુ છે.

ખલિલ જિબ્રાન બાર્બરાને કહે એવા સાત શબ્દો પસંદ કરવાના હોય તો ક્યા કરો? બાર્બરાએ કહ્યુંઃઈશ્વર,સૌંદર્ય,જીવન,પ્રેમ,પૃથ્વિ.છઠ્ઠો? કહે તમે કહો ને જિબ્રાને કહ્યું કે છઠ્ઠો તું અને સાતમો હું!

બાપુ કહે મને કોઇ પૂછે તો એક જ પસંદ કરું:પ્રેમ!

કથાપ્રવાહમાં નામમહિમા,રામચરિતમાનસ અને કથાનો ઈતિહાસ,ચાર સંવાદી ઘાટની ચર્ચા અને રામનવમીના દિવસે અવધપુરીમાં રામચરિતમાનસનું પ્રકાશન થયું.ચૈત્ર અને વૈશાખ એ દશરથ અને જનક છે જે મળે ત્યારે વસંતઋતુ છે,સાધુસમાજ વસંતઋતુ છે.

# અરવલ્લી : સાઠંબા પોલીસકર્મીઓ પર ચોરીનો આરોપ, વેપારીના ઘરમાંથી તપાસના નામે ૧૦ હજાર ચોરી લીધા..

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો
મઠવાસ

અરવલ્લી જીલ્લામાં ખાખી વર્દીમાં રહેલા કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ તોડ પાણી કરતા હોવાની ઘટનાઓ સમયાંતરે બનતી રહે છે જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ફરજ અને વિવાદ એકબીજાનો પર્યાય બની ગયા છે ત્યારે સાઠંબા પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓ પર વેપારીના ઘરે તપાસના નામે રેડ કરી ઘરમાંથી ૧૦ હજાર રૂપિયાની ચોરીનો આક્ષેપ થતા પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે સાઠંબાના વેપારી રાહુલ વાઘેલા એ આ અંગે મુખ્યમંત્રી કાર્યાલય, રેન્જ આઈજી એને જીલ્લા પોલીસવડાને લેખિત રજુઆત કરી ન્યાયની માંગ કરી હતી વેપારીએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરતા પોલીસ કર્મીઓ ધમકી આપતા હોવાનો આક્ષેપ વેપારીએ કર્યો છે.કાયદાના રક્ષક જ ભક્ષક બન્યા હોય તેમ ચોર પકડનાર જ ચોરી કરે તેવા આક્ષેપ પોલીસ કર્મીઓ પર થતા ભારે ચકચાર મચી છે સાઠંબા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા વિજય ભરવાડ, રવિ સહીત ત્રણ-ચાર પોલીસકર્મીઓ સાદા ડ્રેસમાં રાહુલ વાઘેલા નામના વેપારીના ઘરે સર્ચ વોરંટ વગર તપાસ માટે પહોંચી જઈ વેપારીના ઘરમાં તપાસ હાથધરી ઘરમાં રાખેલા ૧૦ હજાર રૂપિયા ચોરી લીધા હોવાનો આક્ષેપ કર્યો હતો

વેપારી રાહુલ વાઘેલાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે સાઠંબા પોલીસ સ્ટેશનના વિજય ભરવાડ,રવી સહીત ત્રણ-ચાર કર્મીઓ મારા ઘરે તપાસ માટે વગર સર્ચ વોરંટે પહોંચી તપાસ કરી હતી ઘરમાંથી કઈ મળી આવ્યું ન હતું સાઠંબા પોલીસ ઘરમાં તપાસ કરવા આવી હોવાનું જાણવા મળતા તેમનો સંપર્ક કરતા પોલીસકર્મીઓએ આવી કોઈ તપાસ કરી ન હોવાનો નનૈયા ભણ્યો હતો જો કે પોલીસકર્મીઓ વેપારીના ઘર બહાર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા વેપારીના જણાવ્યા અનુસાર ઘરમાંથી પોલીસકર્મીઓ તપાસના બદલે ૧૦ હજાર રૂપિયા ચોરી કરી ફરાર થઇ ગયા હતા આ અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરતા પોલીસકર્મીઓ ફફડી ઉઠ્યા હતા અને વેપારીને ૧૦ હજાર રૂપિયા પરત આપવાની વાત કરતા વેપારીએ પોલીસકર્મીઓ સામે નમતું ન જોખતા ચોરીનો આક્ષેપ લાગેલ પોલીસ કર્મીઓએ વેપારીને ધાકધમકી આપી ધંધો નહિ કરવા દેવાની અને ખોટી રીતે ફસાવી દેવાની ધમકી આપતા ભારે ચકચાર મચી છે

# રાજયમાં રેકોર્ડબ્રેક ઠંડી જોવા મળી : ગાંધીનગર સૌથી ઠંડુ જાહેર

અમદાવાદ,તા.૨૫

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લીધે ઉત્તરના ઠંડા પવનો ફૂંકાયા હતા, તેમજ સામાન્ય દિવસોમાં રાત્રિ દરમિયાન ૩થી ૭ કિલોમીટરની ગતિના પવનો ચાલુ રહેતા હોય છે. તેને બદલે રવિવારે રાત્રે ૧૧.૩૦ પછી પવનની ગતિ શૂન્ય પર (ડ્યુ પોઇન્ટ) પર પહોંચી જઈ હતી. ડ્યુ પોઇન્ટ એટલે કે, ઠંડી હવાનો સૌથી નીચા પોઇન્ટ સુધી ડીપ કરી જાય છે. પવનની ગતિ ડ્યુ પોઇન્ટ પર જવાની સાથે આકાશ સ્વચ્છ હોવાથી ઠંડા પવનો સીધા જમીન પર આવતાં જમીન ઠંડી થતાં અચાનક ઠંડીમાં વધારો થયો છે. આગામી અઠવાડિયા દરમિયાન અમદાવાદમાં ઠંડીનો પારો ૯ ડિગ્રીથી નીચે તેમજ ૨૬ કે ૨૭ જાન્યુઆરીએ ફરીથી ૬ કે ૭ ડિગ્રી તાપમાન ગગડવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ બાદ સિવિયર કોલ્ડવેવની અસરથી અમદાવાદમાં ૧૦ વર્ષ બાદ એટલે કે, વર્ષ ૨૦૧૧ પછી જાન્યુઆરી મહિનામાં રેકોર્ડ બ્રેક ૬.૭ ડિગ્રી સૌથી નીચું લઘુતમ તાપમાન નોંધાયુ છે. અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં કોલ્ડવેવનું મોજુ ફરી વળતાં મોટાભાગના શહેરો કાતિલ ઠંડીની લપેટમાં આવી ગયાં છે. આગામી અઠવાડિયા દરમિયાન રાજ્યમાં કાતિલ ઠંડીનું જોર યથાવત રહેવાની વકી હવામાન વિશેષજ્ઞે વ્યક્ત કરી છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS No : 0001**

પ્રકાર : ગદ્ય

શિર્ષક : ખાના ખજાના

ગ્રુપ ના દીદી માયા દીદી ની રચના ના શબ્દો ' કોઈના દિલ સુધી પહોંચવું હોય તો પેટ સુધી પહોંચવું પડે".એકદમ સાચી વાત...હું મારા પરિવાર ની આ વિષયક વાસ્તવિક વાત રજુ કરું છું..

૨૦૦૫ માં મીનાક્ષી લંડન સ્ચ્છ ભણવા ગઈ ત્યારે મારો પુત્ર ચાર વર્ષ અને દીકરી નવ વર્ષ ની હતી..શરૂમાં કૌટુંબિક લોકો ના સહારા થી એકાદ વિક ગયું અને પછી રાંધવા વાળી થી માંડ એક મહિનો ગયો અને બંને છોકરા કહેવા લાગ્યા કે પપ્પા તમે બટાકાનું રસાવાલું શાક અને ભાત,ભાખરી બનાવો..પછી મેં જાતે રસોઈ બનાવવાનું શરૂ કર્યું અને બંને જણ ને ફાવી ગયું...જ્યારે બાળકો ને લંડન સાથે લઈ ગયો ત્યાં પરિવાર સાથે રહ્યા ત્યાં પણ ઘરની ગુજરાતી રસોઇ મીનાક્ષી બનાવતા અને મારી સાથે કંપની માં કામ કરતા ગોરા લોકો,શ્રીલંકન,પોલેન્ડના,નાઇજિરિયન ન પણ આપણી ઢોકળી,હાંડવો, થેપ્લા ખૂબ ભાવતા અને ભરેલું મિક્ષ શાક આપણા ગુજરાતીઓ ને ત્યાં બહુ ભાવતું...લંડન ના અમુક જાણીતા ના ઘરે જ્યારે અમે જઈએ ત્યારે તેઓ કહેતા કે તમે અમારા ઘરે આવી ગુજરાતી રસોઈ બનાવી આપણે સાથે જમિયે..એમ અમે લંડન માં અનેક શની,રવી વિકેન્ડ માણતા.... અમે યુરોપ ની ટુર માં ગયા અને જર્મની, સ્વિઝરલેન્ડ માં જ્યારે અમે અમારા ખાના ખજાનો ખોલી બધા ને ઢેબરા,વડા,મસાલા પુરી અને પાપડ પૌવા આપ્યા ને બધા ખુશ થઈ ગયા હતા.... ઇન્ડીયા મા આજે પણ અમે ક્યાંય પણ હરવા,ફરવા જઇએ એટલે ગાડી ની ડેકીમાં ઇન્ડકશન ઇલેક્ટ્રિક સગડી,ફ્રાય પાન,મસાલિયું,નાનું કુકર,ચોખા,દાળ અને ડુંગળી,બટાકા, મરચા,લસણ અમારી સાથે એક બોક્સ માં હોય જ...હમણાં ગોવા દસ દિવસ રહ્યા પણ રસોઈ જાતે ખીચડી,ભાખરી,શાકભાજી,આલુ પરોઠા,ઢોકળી બનાવી જમીએ નહિ તો સંતોષ થાય નહિ..... અમે સાઉથ,નોર્થ, ઇસ્ટ,વેસ્ટ ખૂબ ગાડી લઈ એક એક મહિના ના પ્રવાસ કર્યા પણ રસોડું અમારી સાથે હોય તો જ સંતોષ થાય અને હરવા ફરવા ની મજા આવે....જોકે હવે બધે જ વડા પાઉં,દાબેલી,પીઝા,પાણીપુરી ઠેર ઠેર જોવા મળતી થઈ ગઈ છે. પણ છતાં નોન વેજ અને વેજ મિક્ષ મેનુ હોટેલ માં જોતા જમવાની ઈચ્છા થતી નથી. એક ટિપિકલ સ્મેલ ના કારણે જમી શકતા નથી...મારો ૫૪ દેશ ફર્યા પછી નો અનુભવ કહે છે કે ગુજરાતી ની ઓળખ તે આપણી રસોઈ છે..હવે તૈયાર પેકેટ આવી ગયા અને યુ ટ્યુબ માં બનાવવા ની લાઈવ રેસિપી ને કારણે બધા જ આપણી ગુજરાતી રસોઈ નો સ્વાદ પોતાની હાથે રસોઈ બનાવી માણી શકે છે...સાચે જ માયા દીદી....કોઈ ના પ્રેમ સુધી પહોંચવા તેના પેટ સુધી પહોંચવું જરૂરી....મારો ખુદ નો અનુભવ કહે છે કે આપના ખુદ હૃદય ને ઓળખવા આપણા જ પેટ ને જોઈતો સંતોષ આપવો પણ જરૂરી...ગુજરાતી મોજ ખાના ખજાના.... ઘર્ ઘર્ ની મોજ ખાના ખજાના...અને હવે.ર્દ્રંર ની મોજ ખાના ખજાના...

સંચાલક : પ્રદીપ રાવલ

---------------------------------------

**NOG SS NO : 0036**

પ્રકાર - ગદ્ય

શીર્ષક :- ખાના-ખજાનામાં સંતોષ

ખાના-ખજાનામાં સંતોષ

અમારું વતન ધંધુકા તાલુકાનો ભાલપ્રદેશ. સૂકો પ્રદેશ. લીલોતરીનું નામ નહિવત પરંતુ પ્રજા પેટપ્રેમી.શિયાળામાં ઘઉં-ચણા ખૂબ થાય. જમીનનો કસ ચૂસીને એકદમ મીઠાં. ગામમાં પ્રવેશતાં જ ચણા ભૂંજાવાની સુગંધ મનભરીને ખાવા પ્રેરે.

વાત કરવી છે જાદરિયાની. ઘઉંનો લીલો પોંક અને ચણાનો લીલો પોંક સૂકવી ગ્રાઈન્ડ કરી ઘીમાં શેકી સાકરમાં બનાવાતી આ વાનગી એલાયચીની સુગંધથી તરબતર હોય છે. તાજું હોય ત્યારે શીરાની જેમ ચમચીથી ખાવાનું અને પછી તેના ચોસલાં ભૂખ લાગે ત્યારે. આના કારણે સવારનો નાસ્તો શીરો, રાબ, શેકેલી લાપસી દૂધમાં કે લાડવાં જેવી પરંપરાગત વાનગીઓ હોય છે.

પુત્રી અને પુત્રવધુ પણ ઘરને અનુરૂપ ખાવા-ખવડાવવામાં શોખીન ! મકાઈનાં ગુલાબજાંબુ, ઢોસા, પીઝા-બર્ગર જેવી વાનગીઓ બનાવે, ખાય-ખવડાવે અને ધરાઈને ફોટા પાડી મીડિયામાં વહેતાં કરે. મારા મનની ખરી વાત હવે આવે છે. આ તો થઈ આપણાં ખાના-ખજાનાની વાત. હું ગવર્નમેન્ટ સ્કૂલમાં ટીચર હતી. એક વખત સમતોલ આહાર વિશે ગુજરાતી ભોજન સમજાવતી હતી ત્યારે સહજ જ રોટલીમાં ઘી ચોપડવાની વાત કહી, ત્યાં જ એક બાળક કહે, "હા, હા, આપણે ત્યાં મહેમાન આવે ત્યારે ઘી વાળી રોટલી ખાવાની મઝા આવે છે." હું સ્પીચલેશ.એક બાળકની માતાનું થોડાં સમય પહેલાં અવસાન થયેલું.તેનાં પિતા રૈંકુઝ માં મજૂરી કરે એટલે ઘેર ના હોય મધ્યાહ્નભોજન થોડું મોડું હોય. સ્વાભાવિક જ પૂછ્યું, " બેટા, તું શું જમીને આવે છે?" કહે, "મને લસણીયો બનાવતાં સરસ આવડે છે અને મારા ભાઈને રોટલા બનાવતાં આવડે છે. અમે બેય ટેસથી ખાઈ લઈએ છીએ."

આ યાદ આવતાં થાય છે કે, ખાના-ખજાનાનો સાચો સ્વાદ વાનગી કરતાં સંતોષ અને મનનાં વિચારોમાં હોય છે.

અરુણા ત્રિવેદી,અમદાવાદ

---------------------------------------

**NOG SS No. 19**

નામ... કલ્પનાબેન ત્રિવેદી

ગામ... સુરેન્દ્રનગર

શબ્દ... ખાના ખજાના

શીર્ષક... ખોરાક એ જ ઔષધ

પ્રકાર... લેખ

આમ તો દરેક ઘરને એક રસોડું હોય જ છે ઝૂંપડીમાં પણ એક ખૂણામાં ચૂલો સળગતો હોય છે. માનવી જ્યારથી વિકસિત થયો ત્યારથી એ અનાજને જુદીજુદી રીતે પકાવીને ખાતો થયો. એમાં એણે નવતર પ્રયોગો કર્યા. જેનાં કારણે આજે આપણે હજારો વાનગીઓ બનાવીને આરોગીએ છીએ. આહાર એ જ ઔષધ. આમ જોવા જાવ તો દરેક વાનગી,અને મરી મસાલાં શરીરને ફાયદાકારક છે. એનો અતિરેક ન થવો જોઈએ.

દરેક પ્રદેશ.. વાતાવરણ, અને અન્ન ઉત્પાદન માટે અલગ અલગ વિશિષ્ટતા ધરાવે છે. એ મુજબ જે..તે પ્રદેશની વાનગીઓ વખણાય છે. જ્યાં ડાંગર પુષ્કળ પાકે છે ત્યાં ઢોસા,રસમ,ઇડલી,પુલાવ, વિ.વખણાવાનું જ.કાઠિયાવાડી સૂકા પ્રદેશમાં બાજરીનો રોટલો,લસણની ચટણી, માખણ,ઘી,જેવી વસ્તુઓ વધારે વપરાવાની.ભારત દેશ ખાના ખજાના માટે ખૂબ પ્રસિદ્ધ છે. પંજાબના લોકો મકાઇની રોટી,સરસવનું પંજાબી શાક,લચ્છી વિ.મુખ્ય ખોરાકમાં લે છે. બંગાળના લોકો ભાત સાથે અન્ય વાનગીઓ આરોગે છે. રસોડામાં તમામ મસાલા ગુણકારી છે. દરેકને આ બાબતે જાણકારી છે જ.એટલે તો આપણાં દાદીમાના નુસખાઓ પ્રખ્યાત છે. પોષક આહાર કે જે ધાન્ય, કઠોળ,લીલાં શાકભાજી, દૂધ,અને તાજાં ફળો છે.. એ આરોગવા હિતાવહ છે. જીભને તો બધાં રસનો ચટાકો જોઈએ. જ્યારે જે ઋતુ હોય એ મુજબ જમવામાં આવે તો બિમારીથી બચી શકાય.બાકી જમવાનું લિસ્ટ જુઓ...

લાડુ,લાપસી,રબડી,દૂધપાક, પુરણપોળી,ગુલાબજાંબુ, ખીર,હલવો,

પુરી,થેપલાં, મૂઠિયાં, દાળઢોકળી,ખાંડવી, પાતરાં,રસમલાઇ,ઢોસા, ઢોકળાં, ભરેલાં શાક,પાપડ, ચટણી,અથાણું, દાળ,ભાત,પુલાવ,સલાડછાશ, .......પ્યારી ખીચડી.....આનો કોઈ પાર નથી. સુપાચ્ય અને પૌષ્ટિક આહાર લેવો. દરેક મસાલાના ગુણો જાણી યોગ્ય ઉપયોગ કરવો. જંકફૂડ થી દૂર રહેવું.

---------------------------------------

**NOG SS no :- 0010**

વિષય :- ખાના ખજાના

પ્રકાર :- ગદ્ય

જગતમાં મોટા ભાગના લોકો પરંપરાગત જુદી જુદી ખાવા બનાવવાની રીત અને સ્વાદથી વૈવિધ્ય વસ્તુઓ ખાવાની મજા માણતાં હોય છે. એમાંય અત્યારના ડિજિટલ જમાનામાં જે જોઈએ તે ગણતરીની મિનિટોમાં મળી જાય છે. જ્યારે ખાના ખજાનાની વાત છે તો વિસરાતી વાનગીઓનો સમાવેશ કરવામાં આવે તો કેવું સારું... બધાંના લેખ વાંચીને એવું અલગ પીરસવાનું વિચાર્યું... ઘણું બધું યાદ આવ્યું પણ છેલ્લે આ ખાના ખજાના આપણને પહોંચાડનારને મનગમતી વાનગી વિષે લખવાનું મન થયું.

મંદિરમાં સવાર પડે પ્રભુજીને સેવા સાથે ભોગ ધરાવવામાં આવે છે.

સેવા રસમાં મઝા રહે, મનમાં ઉમંગ અપાર,<br>
પોતાને હાથે કરે, વિવિધ ભોગ સિગાર,<br>
એક કરું, બીજું કરું, ત્રીજું કરવા જાય,<br>
ચોથું તે પણ હું કરું, અંગ ઉલટ ના માંય.

જન્માષ્ટમી નિમિત્તે પંજરી થી લઈને સોભાગ્ય સૂંઠ, ઘેબર, બાબર, જલેબી, ગુંજા, મેવાતી, ખરમંડા, ખપચી, કપૂરનાડી, સૂતરફેણી, શિખોરી, દહીંવડા, માખણ વડાં, ઉપરેટા, ચંદ્રકળા, મનોહર, ચંદરસા, દેહરવડી, શિખરણ વડી, પુવા, માલપુઆ, તવાપુરી, તિલગુડ, ચિકુલી, આદાપાક, તલપાપડી, તિલવડી, ઢેબરી, ખીર, સેવના લાડુ, છુરી, ગુલગુલા, જાત જાતની પૂરી, મેવા પૂરી, સાટા, ઠોર, દૂધ પૂરી, થપડી, ખીરના ગુંજા, કચોરી, ખંડરા, મેસુબ, અડદીયા, તીનકુડા, બુંદીના લાડુ, બીજી ચિરોજી લાડુ, મગના પનોલા, ફેના રોટી, ઈમરતી, મીઠો ભાત, ઘાંસના લાડુ, ઊકર, અમૃત રસાવલી, લીટી, અદ્દ્ભૂત વિલાસ, સુરજ રોટી, મદન મોદક, બુડલકા આવી જાતજાતની વાનગીઓ ઠાકોરજી માટે બનતી હોય છે. શબ્દ મર્યાદિત હોવાથી દરેક વાનગીની રેસિપી લખી નહીં શકાય.

પાંચેક રેસિપી લખીને જણાવું છું.

(૧) ઉપરેટા :- મેંદાના લોટને પાણીમાં ખૂબ કઠણ લોટ બાંધી તેની રોટલી જેવી પાતળી પૂરી વણી પછી ખૂબ ઘીમાં સારી રીતે ફેણેલો ચોખાનો લોટ (સાદો) તૈયાર રાખવો તેનું પરત તે પૂરી ઉપર લપેટી ગોળ વીટો કરી ગોળ લુવો કરી તેની ફરી પાતળી મોટી પૂરી વણી ઉપર મુજબ ચોખાના લોટનું પરત દઈ તેની ખાજા જેવી મોટી પૂરી વણી ઘીમાં તળી ત્રણ ગણી આકરી ચાસણી પાવી.

(૨) ચંદ્રકળા :- ઉપરેટાની રીત મુજબ જ પૂરી કરી તેની વચ્ચે કાણું પાડી ઘીમાં તળી ઉતારતાં ગરમ હોય ત્યારે જ ખાંડ ભભરાવવી.

(૩) ફેના રોટીઃ- ચંદ્રકળાની માફક મેંદાના લુવાની રોટલી કરી તેને શેકી ઘીમાં બોળી દેવી.

(૪) ગુલગુલા :- ગુલાબની પાંદડી ઝીણી કરીને ઘીમાં સાંતળી તેને જલેબીની જેમ ચાસણી પાવી.

(૫)પુવા :- ઘઉંના એક શેર લોટમાં પા શેર ઘીનું મોણ નાખી તેમાં અડધો શેર ગોળ ભેળવી કઠણ કણક બાંધી કાળાં મરી તથા ઈલાયચી મેળવી રાત્રે ઢાંકી રાખી બીજા દિવસે ખૂબ ઘીમાં પૂડલા લોઢી પર તળવા.

વ્યસન વાન વૈષ્ણવ તણી, એ સેવાની રીત,<br>
જય હો સૂપડે ટોપલે, ડગલે પગલે પ્રીત.

દીપ્તિ પટેલ' શ્રીકૃપા',વડોદરા.

---------------------------------------

**NOG.S.S.No.0098**

પ્રકારઃ- ગદ્ય

વિષયઃ- ખાના ખજાના

શીર્ષકઃ- ખસ્તા કચોરી

"ખાના ખજાના "વિષય પ્રમાણે ખાવા-પીવા ના શૌખીન અને નવી નવી વાનગીઓની રેસિપી મળે તો બનાવવાના શૌખીનો ની તો આ ગ્રુપમાં લહેર જ પડી ગઈ, અને પડે પણ કેમ નહીં.... સીઝન પણ ખાવા પીવાનો છે મિત્રો. બધા મિત્રોને રચના વાંચીને મોઢામાં પાણી આવી ગયું કેમકે હું પણ ખાવાના શોખીન છું .ચાલો હું પણ અમારા યુ.પી .એમ.પી .ની પ્રખ્યાત એક સરસ વાનગી વિશે જાણ કરાવી દઉં જેનું નામ છે "ખસતા કચોરી"

આપ બધાએ એનો સ્વાદ ક્યારેક ને ક્યારેક લીધો હશે જાણું છું .આ "ખસતા કચોરી "ખાવામાં બહુ જ સારી હોય છે .ચાર પાંચ દિવસ સુધી ચાલે છે એટલે કે કોઈ બર્થ ડે પાર્ટી ,કીટી પાર્ટી , માંગલિક પ્રસંગ હોય તો કે સફરમાં જવાનું હોય તો પહેલાથી જ આપણે બનાવીને રાખી શકાય.

"ખસતા કચોરી" અડદની દાળ અને મગની દાળની બને છે મેદાનો લોટ અને ઘઉંનો લોટ વાપરવામાં આવે છે આને બનાવવામાં બહુ જ મહેનત લાગે છે જે પાકકળામાં માહિર હોય તેજ બનાવી શકે છે બહુ ધ્યાન રાખવું પડે છે કારણ કે બહુ ધીમી આંચ પર તૈયાર થાય છે. કચોરી બની જાય પછી તો શૌખીનોની ની આગળ ધૂમ મચાવી દે છે ."ખસતા કચોરી "ને ચા સાથે પણ ખવાય ખીર (દૂધપાક )સાથે પણ ખવાય દહીં ,સેવ મમરા ,ચટણી નાખીને મસાલા કચોરી બનાવીને પણ ખવાય તો દોસ્તો આ છે મજાની" ખસતા કચોરી."

મિત્રો મારે મારા મનની એક વાત કહેવી છે કે આપણા ઇન્ડિયન ફૂડમાં એટલી બધી વેરાઇટીઓ છે કે આપણે હજી પણ કંઇક ને કંઇક ખાવાનું રહ્યું જ હશે.

એટલે કે આપણે ગમે તેટલું ફાસ્ટ ફૂડ ખાઈ લઈએ પણ આપણા ઇન્ડિયન ફૂડ માં જે મજા છે તે બીજા બધા ફૂડમાં નથી એટલે કે આપણું ઈન્ડિયન ફૂડ શ્રેષ્ઠ જ નહીં સર્વ શ્રેષ્ઠ છે.

લીના શર્મા,હાલોલ.

---------------------------------------

**NOG SS NO. 60**

વિષય : ખાના ખજાના

પ્રકાર : ગદ્ય ચઆર્ટીકલ

શબ્દો : ૩૦૭

શીર્ષકઃ સ્વાદીલા શહેર જામનગરની સેર

ખાવું એ આપણી મૂળભૂત જરૂરિયાત છે. ખોરાક જીવન આપે છે. એ આપણે સૌ સુપેરે જાણીએ છીએ. ભગવાને માણસની જીભમાં જે સ્વાદગ્રંથિઓ મૂકી છે તેને અનુકૂળ વાનગીઓ મળી જાય તો એથી રૂડું બીજું શું હોઈ શકે?

આહારની એક જ વસ્તુમાં અનેક જાતનાં અલગ અલગ મસાલા અને કુકિંગ પ્રોસેસ કરીને આપણે તેને વધુ સ્વાદિષ્ટ બનાવીએ છીએ. દા.ત. બટેટા. તો એની કેટલી વસ્તુઓ આપણે બનાવીએ છીએ! તેમાં મુખ્ય છેઃ શાક. તો એની પણ કેટલી અલગ અલગ રીતો છે! કાચા બટેટાનું શાક....નોર્મલ અને ફરાળી. બાફેલાં બટાટાની સૂકી ભાજી....એ પણ નોર્મલ અને ફરાળી એમ બે રીતે. આ ઉપરાંત તેનાં ભજીયા, બટેટાવડા, બફ વડા, ચિપ્સ પણ ખરી. તો વળી તેને અનેક પ્રકારની વેફર સ્વરૂપે સૂકવીને પણ ઉપયોગમાં લઈએ છીએ.

આ તો થઈ એક માત્ર બટેટાની અમુક વાનગીઓની વાત. હવે જામનગરની ફેમસ વાનગીઓ જોઈએ તો લીસ્ટ લાંબુ છે. તેમાં મુખ્ય છેઃ દિલીપના ઘૂઘરા, ગીગાભાઈની ભેલ, ત્રિકમભાઈનો મેસુબ, જૈન વિજયની કચોરી, બજરંગ અને જલારામનાં ખમણ, ઉમીયાજીના ભજીયા, રસ પાઉં, ઘૂંટો, અંબિકા ડેરીનું ઊંધિયું, રસ મસાલા ખારી બિસ્કીટ, બ્રેડ કટકા.....વાંચીને જ મોં માં પાણી આવી ગયું ને, મિત્રો?

તો ચાલો આજે ત્રિકમભાઈનાં મેસૂબ વિષે થોડી વાત કરીએ. જામનગરમાં એક બર્ધન ચોક નામે વિસ્તાર આવેલો છે. ત્યાં ત્રિકમભાઈ બેચર નામનાં એક કંદોઈની દુકાન છે. તે દુકાન આજકાલની નહીં પણ એકસો ત્રેપન વર્ષ જૂની છે. ત્યાંનો મેસૂબ જામનગરના રાજા જામરણજીતસિંહજીબાપુને એટલો ભાવી ગયો કે જ્યાં આ દુકાન આવેલી છે તે આખું બિલ્ડીંગ, તેમણે ત્રિકમભાઈને આપી દીધું. અહીંથી આસપાસનાં ગામોમાંથી પણ દૂર પડતું હોવા છતાં લોકો મેસુબ ખરીદવા ત્રણ ત્રણ પેઢીથી આ જ દુકાને આવે છે. તેમની દુકાનમાં રાજા રણજીતસિંહજીનો ફોટો પણ છે. તેમને દરબારી કંદોઈ કહેવામાં આવે છે કારણકે તેમની મીઠાઈઓ રાજમહેલમાં જતી. આમ, પરમ્પરાગત સ્વાદ હજુ લોકોની દાઢે વળગેલો છે. મેસૂબ જેવાં જ ફેમસ અહીંનાં તીખા ઘૂઘરા છે. તેની વાત ફરી ક્યારેક કરીશું.

અસ્તુ.

ભગવતી પંચમતીયા 'રોશની'

# હેપ્પી રીપબ્લિક ડે

પ્રદીપ ત્રિવેદી

વંદે માતરમ..મા તુજે સલામ.ભરતમાતાકી જય હોં

૨૬ મી જાન્યુઆરી એટલે..×પ્રજા સત્તાક દિવસ ×. ભારતીય બંધારણના અમલ નો.. અણમોલ દિવસ, અણમોલ પ્રસંગ. ભારત ને આઝાદી ભલે ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ મળી. ભારત..૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ બ્રિટિશરોની ગુલામીમા થી ×આઝાદ × થયું અને આપણે ૧૯૪૭થી આ ×આઝાદી ×નો દિવસ ઉજવતા આવ્યા છીએ.. જેની આ વર્ષે ૭૫મી વર્ષગાંઠ રંગે ચંગે.. ઉજવી રહ્યા છીએ.

પણ ભારતદેશ... પ્રજા સત્તાક તો ત્યારે બન્યો કે જયારે ભારતનુ પોતાનું ×બંધારણ ×અસ્તિત્વ મા આવ્યું. ભારતના બંધારણે.. ભારતની પ્રજાને... સત્તાનો દોર કોને સોંપવો.. તેની પસંદગી કરવાની સૌથી મોટી સત્તા પ્રજાને આપી.×પ્રજાસત્તાક × એટલે જ... પ્રજાએ આપેલી સત્તાનો ઉપયોગ સત્તાધારીઓએ ×પ્રજાના કલ્યાણ, સુખાકરી અને તેના વિકાસ× માટે.. કરવો.પ્રજાસત્તાક દેશમા પ્રજા સર્વોપરી હોય છે. પ્રજાસત્તાક મા ખરી સત્તા પ્રજા પાસે હોય છે.

ભારત દેશને ×પ્રજાસત્તાક× દેશ જાહેર કરતુ ભરતનું ભવ્ય બંધારણ ૨૬મી જાન્યુઆરી,૧૯૫૦ નારોજ અમલમા આવ્યું. એ પહેલા શાસન દસ્તાવેજ તરીકે ભારત એક્ટ (૧૯૩૫)સરકારે બદલ્યો અને એક નવા રચાયેલા બંધારણ પ્રમાણેનો પ્રજાસત્તાક દેશ બન્યો.

ભારતનુ બંધારણ ૨૬મી નવેમ્બર ૧૯૪૯ ના રોજ ભારતીય બંધારણ સભા દ્વારા તૈયાર થયું હતું.આ પહેલા ભારતના બંધારણ ની રચના કરવા માટે ૨૮મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ડૉ. બી. આર.આંબેડકર ના અધ્યક્ષ સ્થાને મુસદ્દા સમિતિની રચના કરવામાં આવી હતી.ત્યારબાદ ૧૬૬ દિવસથી વધુ સત્રોના ભાગ રૂપે તેઓ મળતા રહ્યા હતા. અને સામાન્ય લોકો માટે પણ આ સમય દરમ્યાન મળવા માટે ના દરવાજા ખુલ્લા રાખ્યા હતા. આ પછી કેટલાય વિચાર-વિમર્શ અને સુધારાઓ કુલ ૨વર્ષ, ૧૧મહિના અને ૧૮ દિવસ સુધી કર્યા બાદ તેનો સ્વીકાર કરવામાં આવ્યો. આમ કેટલાય વિચાર વિમર્શ અને સુધારાઓ પછી વિધાનસભા ના ૩૦૮સભ્યોએ ૨૪ મી જાન્યુઆરી,૧૯૫૦ ના રોજ આ મહામુલા દસ્તાવેજ ની હસ્ત લિખિત બે નકલ ( હિન્દી અને અંગ્રેજી ) પર હસ્તાક્ષરો કર્યા હતા.આ પછી બે દિવસ બાદ ×ખાસ ×૨૬મી જાન્યુઆરી-૧૯૫૦ ના રોજ ×ભારત નુ બંધારણ × અમલમાં આવ્યુ.

આપને પ્રશ્ન થશે કે..૨૬ જાન્યુઆરી જ કેમ??? બરોબર ને?

આ જાણવા આપણે આઝાદીના ઈતિહાસની સફર ખેડવી જ રહી. આજ થી ૯૨વર્ષ પહેલા એટલે કે..૨૬મી, જાન્યુઆરી,૧૯૩૦ના રોજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના લાહોર ખાતેના અધિવેશનમાં ×સ્વતંત્રતા ×ની ઘોષણા કરવામાં આવી હતી. લાહોરમાં ( એ વખતે અખંડ હિન્દુસ્તાન હતું ) લોકો દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. અને ×પૂર્ણ સ્વરાજ ×નો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

૩૧મી ડિસેમ્બર,૧૯૨૯ના રોજ જવાહરલાલ નહેરુએ રાવી નદીના કિનારે ×ત્રિરંગો ×ફરકાવતા ×પૂર્ણ સ્વરાજ ×, સંપૂર્ણ સ્વ શાસનની માંગણી કરી હતી. અને સ્વતંત્રતા માટે ૨૬મી, જાન્યુઆરી,૧૯૩૦ નિર્ધારિત કરી હતી. તે દિવસ પછી....×પૂર્ણ સ્વરાજ ×દિવસ તરીકે ઉજવવામાં આવ્યો.

૨૬મી, જાન્યુઆરી,૧૯૩૦ના રોજ ×સ્વતંત્રતા ×ની ઘોષણા સાથે લાહોરમાં લોકો દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી કે....

×અમે માનીયે છીએ કે ભારતીય લોકોનો, અન્ય લોકોની જેમ, સ્વતંત્રતા મેળવવાનો અને તેમના પરિશ્રમના ફળનો આનંદ માણવાનો અને જીવનની જરૂરિયાતો મેળવવાનો અવિભાજ્ય અધિકાર છે. જેથી તેઓને વિકાસની સંપૂર્ણ તકો મળી શકે. અમે એ પણ માનીયે છીએ કે જો કોઈ સરકાર લોકોને આ અધિકારોથી વંચિત રાખે છે અને તેમના પર જુલમ કરે છે તો લોકો ને તેમાં ફેરફાર કરવાનો અથવા તેને નાબૂદ કરવાનો વધુ અધિકાર છે. ભારતમાં બ્રિટિશ સરકારે માત્ર ભારતીય લોકો ને તેમની સ્વતંત્રતાથી વંચિત રાખ્યું નથી પરંતુ જનતાના શોષણ પર આધારિત છે અને ભારત ને આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક રીતે બરબાદ કરી નાખ્યું છે. તેથી અમે માનીયે છીએ કે ભારતે બ્રિટિશ જોડાણ તોડીને પૂર્ણ સ્વરાજ અથવા સંપૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવી જોઈએ.×

અમે જાણીયે છીએ કે આપણી સ્વતંત્રતા મેળવવાની સૌથી અસરકારક રીત અહિંસા દ્વારા છે. આથી અમે બ્રિટિશ સરકારના તમામ સ્વૈચ્છીક સંગઠનોમાં થી બને ત્યાં સુધી ખસી જઈને અમારી જાતને તૈયાર કરીશું અને કરની ચુકવણી સહિત નાગરિક અસહકારની તૈયારી કરીશું. અમને ખાતરી છે કે જો અમે અમારી સ્વૈચ્છીક રોકડ પછી ખેંચી શકીયે અને હિંસા કર્યાવિના કરની ચુકવણી બંધ કરી શકીયે, તો આ અમાનવીય શાસનનો અંત નિશ્ચિત છે. આથી અમે પૂર્ણ સ્વરાજની સ્થાપનાના હેતુ માટે સમયાંતરે બહાર પાડવામાં આવેલી કોંગ્રેસની સૂચનાઓનું પાલન કરવાનો સંકલ્પ કરીયે છીએ.

આમ આ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી અને ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આથી ૨૬ જાન્યુઆરી, એ ×પ્રજાસત્તાક ×દિવસ તરીકે ઉજવવાનું નક્કી થયું અને ૧૯૩૦ થી ઉજવાતો રહ્યો છે.

૨૬ જાન્યુઆરી, એ આપણો પ્રજાસત્તાક દિવસ અને સ્વતંત્ર ભારતના બંધારણનો સન્માન કરવાનો અણમોલ દિવસ છે. પ્રજાસત્તાક દિનની પરેડ ભારતની રાજધાની દિલ્હીમાં યોજવામાં આવે છે.સરંક્ષણ મંત્રાલય દ્વારા આયોજન કરવામાં આવે છે. રાષ્ટ્રપતિ ભવન રયસીના હિલ થી શરુ થાય છે અને રાજપથ થઈને લાલકિલ્લા સુધી જાય છે અને તેની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે.તેમાં ત્રણેય સશસ્ત્રદળો, અર્ધ લશ્કરીદળો, પોલીસ અને દ્ગઝઝ ના જવાનો પરેડમાં ગર્વ પૂર્ણ ભાગ લે છે.આ સાથે ભારતની સરંક્ષણ તાકાત દર્શાવતી આધુનિક ટેક્, મિસાઈલ, મિસાઈલ સિસ્ટમ, રોકેટ લોન્ચર, રડાર, ફાઈટર એર ક્રાફ્ટ વિગેરે દર્શાવાય છે. સૈન્ય દ્વારા વિવિધ કરતબો દર્શાવાય છે. ભારતીય રાજ્યો અને વિવિધ મંત્રાલયો નુ પ્રતિનિધિત્વ કરતી ડેકોરેટેડ ટેબ્લોઝ દર્શાવવા માં આવે છે.ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની હિમાયત કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો દેશભરમાં યોજાય છે. નવી દિલ્હીમાં ઈન્ડિયાગેટ પર ભારતના રાષ્ટ્રપતિ દ્વારા રાર્ષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવેછે. ભારતના વડા પ્રધાન ×અમર જવાન જ્યોતિ ×પર રીંગલેટ મૂકી ને શહીદોનુ સન્માન કરે છે.૨૧બંદૂકોની સલામી અપાય છે. બહાદુર સૈનિકો ને પરમવીર ચક્ર, અશોક ચક્ર અને વીર ચક્ર ના રૂપમાં પુરસ્કારો આપવામાં આવે છે.નવી દિલ્હીના રાજપથ ખાતે ભવ્ય પરેડ યોજાય છે.આ ઉજવણી ત્રણ દિવસ ચાલે છે.

૨૯મી જાન્યુઆરીએ બિટિંગ રિટ્રીટ સેરીમની યોજાય છે.બિટિંગ રિટ્રીટ સમારંભ એ સત્તાવાર રીતે પ્રજાસતાક દિનની ઉજવણીનો અંત સૂચવે છે.પ્રજાસત્તાક દિનના ત્રીજા દિવસે સાંજે આ ઉજવણી લશ્કરી દળોની ત્રણેયપાંખ ની બેન્ડ દ્વારા કરવામાં આવે છે.આ સમારોહ ના મુખ્ય અતિથિ ભારતના રાષ્ટ્રપતિ છે.રાષ્ટ્રપતિ અંગરક્ષક, કેવેલરી યુનિટ દ્વારા એસ્કોર્ટમાં આવે છે. જયારે રાષ્ટ્રપતિ આવે છે ત્યારે અંગરક્ષક કમાન્ડર યુનિટને રાષ્ટ્રીય સલામી આપવાનું કહે છે. આ પછી આર્મી દ્વારા રાર્ષ્ટ્ર ગીત વગાડવામાં આવે છે. આર્મી સામુહિક બેન્ડ દ્વારા સમારંભને સુરીલો બનાવે છે. જેમાં લશ્કરી બેન્ડ, પાઈપ અને ડ્રમ બેન્ડસ, બગલર્સ અને વિવિધ આર્મી રેજિમેન્ટના ટ્રેમપેટર્સ ઉપરાંત નેવી અને એર ફોર્સ ના બેન્ડસ ભાગ લે છે. અંત માં મહાત્મા ગાંધીની પ્રિય એવી ધૂન ×સારે જહાંસે અચ્છા..×વગાડાય છે.

પ્રજાસત્તાક દિન ની પૂર્વ સંધ્યાએ... ભારતના રાષ્ટ્રપતી દર વર્ષે ભારતના પ્રબુદ્ધ નાગરિકો ને વિવિધ પદ્મ પુરસ્કારોથી નવાજે છે.આ પુરસ્કારો ત્રણ કેટેગરીમાં પદ્મ વિભૂષ્ણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી, એમ આપવામાં આવે છે.અપવાદરૂપ અને વિશિષ્ટ સેવા માટે ભારતનો બીજો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ×પદ્મ વિભૂષ્ણ ×આપવા માં આવે છે. આ પછી ઉચ્ચ દરજ્જાની વિશિષ્ટ સેવા માટે ભારતનો ત્રીજો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ×પદ્મ ભૂષણ × આપવામાં આવે છે.જયારે વિશિષ્ટ સેવા માટે ભારતનો ચોથો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ×પદ્મશ્રી × આપવામાં આવે છે. આ બધા રાષ્ટ્રીય સન્માનો છે, જે રાષ્ટ્રપતિ દ્વારા નાગરિકો ને ૨૬મી જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ અર્પણ થાય છે.

આમ ૨૬મી જાન્યુઆરી એ આપણો ×પ્રજાસત્તાક × દિવસ છે અને બંધારણના સન્માનનો દિવસ છે. જે ૧૯૫૦ થી ઉજવાતો આવ્યો છે. આ દિવસે ભારતના નાગરિકોનુ વિવિધ પુરસ્કારોથી સન્માન થતું હોય આ રાષ્ટ્રીય પર્વ નુ મહત્વ ખુબ વધી જાય છે.

વિશ્વ ના કોઈ પણ ખૂણે વસતી ભારતીય પ્રજા ને આ દિવસનુ અદકેરૂ મહત્વ અને ગૌરવ રહેવાનું અને રહેશે.×હેપ્પી રીપબ્લિક ડે ×

પ્રદીપ ત્રિવેદી

# ગઝલ...તિરંગાને

ફરકવું એમ નહીં ફાવશે તિરંગાને.<br>
દસે દિશાઓ જ લ્હેરાવશે તિરંગાને.<br>
તિલક જો કરશો તમે દેશભક્તિ માટીથી,<br>
એ ચૌદે બ્રહ્મ જ અપનાવશે તિરંગાને.<br>
વતનનું રક્ત છલોછલ ભરી તિરંગામાં,<br>
વિજયના અવસરો છંટાવશે તિરંગાને.<br>
અમારું પીડ બીજું કૈ નથી તિરંગો છે.<br>
હરેક ભારતી અવતારશે તિરંગાને.<br>
×સતીન× જેમ વતનભક્ત હોય નરસૈયો,.<br>
ધરી મશાલ સમું ભાગશે તિરંગાને.<br>
પ્રજા સત્તાક દિને છાતી પર શહીદોની,<br>
એ રાજ ઘાટ પે શણગારશે તિરંગાને.<br>
શહીદી શ્વાસ અનંતોની સરહદે 'પરવેઝ'<br>
વળી-વળીને સતત ચૂમશે તિરંગાને.

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ ગુરૂ અમદાવાદ

# ભિલોડામાં ટ્રાફિકને અડચણરૂપ ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરી શરૂ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં કાયમી ધોરણે ટ્રાફિકની સમસ્યા હલ કરવા સંદર્ભે અરવલ્લી જીલ્લા મથક ખાતે સંકલન સમિતિની બેઠક દરમિયાન ગેરકાયદેસર દબાણો અને ટ્રાફિકનો પ્રશ્ન ચર્ચાતા લારી અને ગલ્લાના દબાણો હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી.ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણો જે.સી.બી મારફતે હટાવાયા હતા. ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં ઈડર-ભિલોડા-શામળાજી ધોરીમાર્ગની આજુ-બાજુમાં ટ્રાફિકને અડચણરૂપ ગેરકાયદેસરના લારી - ગલ્લાના ગેરકાયદેસરના દબાણો હટાવવની કામગીરી મામલતદાર,પી.એસ.આઈ,ટી.ડી.ઓ,આર એન્ડ બી,સીટી સર્વેયર ઓફીસના વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા સંયુક્ત રીતે કામગીરી હાથ ધરાઈ હતી.કહીં ખુશી કહીં ગમના દ્રશ્યો સર્જાયા હતા.રાહદારીઓ અને વાહન ચાલકોમાં આનંદની લાગણી પ્રસરી હતી. અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખ રાજેન્દ્ર પારધી,સામાજિક કાર્યકરો ભરત ત્રિવેદી,જીતુ બરંડા,દિલીપ પરમાર,જશુભાઈ પંડયા સહિત વેપારીઓએ વિરોધ નોંધાવ્યો હતો.લારી અને ગલ્લાવાળા નાના વેપારીઓ માટે ભિલોડા ગ્રામ પંચાયત કચેરી દ્વારા વૈકલ્પિક રીતે કાયમી ધોરણે જગ્યાની વ્યવસ્થા કરવી જોઈએ તેવો સુર વ્યક્ત કર્યો રહ્યો હતો.ભિલોડામાં હાર્દસમા રહેણાંક વિસ્તારોમાં ઠેર-ઠેર કાયદાની ઐસી કી તૈસી કરીને દબાણકારોએ ગેરકાયદેસર રીતે પાકાં અને કાચાં બાંધકામ અને દબાણો બેરોકટોક રીતે કર્યા છે.દબાણોનો જાણે કે રાફડો ફાટ્યો હોય તેવી રીતે આડેધડ બાંધકામ જોવા મળી રહ્યા છે.રસ્તા પૈકીના દબાણો,કોમન પ્લોટના દબાણો,ખુલ્લા ભોગવટાની જગ્યામાં દબાણો બિલાડીના ટોપની જેમ ફુલી ફાલી રહ્યા છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા ન્યાયિક રીતે કાર્યવાહી હાથ ધરવી જોઈએ તેવો સુર જાગૃત ગ્રામજનો વ્યક્ત કર્યો હતો.

## પેજ સમિતિના પ્રમુખ તેમના પેજમાં ૭૫ ટકા મતદાન કરાવે – વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આજે ગુજરાત પ્રદેશના પેજ સમિતિના પ્રમુખશ્રીઓ અને સભ્યશ્રીઓ સાથે નમો એપના માધ્યમથી સંવાદ કર્યો



### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતના પેજ સમિતિના લાખો કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો તે બદલ વડાપ્રધાનશ્રીનો આભાર – પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજે તારીખ ૨૫ જાન્યુઆરીના રોજ ગુજરાતના લોકલાડિલા અને મજબૂત નિર્ણય શક્તિ ધરાવનાર અને પક્ષના કર્મનિષ્ઠ કાર્યકર એવા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આજે ગુજરાત પ્રદેશના પેજ સમિતિના પ્રમુખશ્રીઓ અને સભ્યશ્રીઓ સાથે નમો એપના માધ્યમથી સંવાદ કરી તેમને ટેકનોલોજીના માધ્યમથી માર્ગદર્શન આપી નવી ઉર્જાનું સિંચન કર્યુ. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અંત્યત વ્યસ્ત સમયમાં આ કાર્યક્રમમાં ભાગ લીધો અને ગુજરાતના પેજ સમિતિના લાખો કાર્યકરો માટે આ દિવસ ઐતિહાસીક અને યાદગાર બનાવ્યો અને ફરી એકવાર વડાપ્રધાનશ્રીએ પક્ષનો કાર્યકર એ જ તાકાત છે તેનું ઉત્તમ ઉદાહરણ આજે પેજ સમિતિના પ્રમુખ અને કાર્યકરો સાથે સંવાદ કરી પુરુ પાડયું. આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ પણ ગાંધીનગર ખાતે પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ'' ખાતે નમો એપના માધ્યમથી વર્ચ્યૂઅલ ઉપસ્થિત રહ્યા હતા. નમો એપમાં લાખોની સંખ્યામાં પેજ સમિતિના સભ્યોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. રજીસ્ટ્રેશન કરેલ તમામ સભ્યોને એપમાં નોટીફિકેશનના માધ્યમથી કોલની અંદર જોઇન થયા હતા. આ કાર્યક્રમ પહેલા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કાર્યકરો પાસેથી સુચનો પણ મંગાવવામાં આવ્યા હતા તેને ર્ઈ માંથી પંસદ કરી ટુ વે સંવાદ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પેજ સમિતિના સભ્યોને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, દેશમાં કુપોષણ અંગે જાગૃતતા લાવવા વધુ કામ કરવા આગ્રહ રાખવા અને કુપોષણની લડાઇમાં પેજ સમિતિમાં દરેક સભ્યો તેમના પેજ સભ્યો કુપોષિત ન રહે તે પ્રકારનું અભિયાન ચલાવવા માર્ગદર્શન આપ્યુ. પેજ પ્રમુખોને તેમના પેજના સભ્યો સાથે પરિવાર જેવો માહોલ બનાવવા આહવાહન કર્યુ. ભાજપને મજબૂત કરવા ચાર-ચાર પેઢીઓ સુધી જેમને બલિદાન આપ્યા છે તેમને નમો એપમાં ''કમલપુષ્પ'' માં માહિતી અપલોડ કરવા અને માઇક્રોડોનેશન કરવા ભાર મુકયો.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજયના જુદા-જુદા જિલ્લાના પેજ સમિતિના પ્રમુખશ્રીઓ અને સભ્યોશ્રીઓ સાથે સંવાદ કર્યો જેમાં તેમણે જણાવ્યું કે, કોરોનાના સમયમાં આપ સૌ સમક્ષ રૂબરુ આવવાનું નથી થયુ, આજે ગુજરાતીમાં વાત કરવી જોઇએ પરતું દેશના અન્ય રાજયોમાંથી પણ કાર્યકરો જોડાયા છે જેથી હિન્દીમાં સંવાદ કરવો પડયો. આજે રાષ્ટ્રીય મતદાતા દિવસના અવસરે વડાપ્રધાનશ્રીએ તમામ મતદારો અને નવા મતદારોને શુભકામના પાઠવી. ચૂંટણીમાં વધુ મતદાન થાય તે માટે જાગૃતતા લાવવા અપીલ કરી અને લોકતંત્રને મજબુત કરવા મતદાન એ સૌથી પવિત્ર દાન છે તેમ જણાવ્યું. આ સાથે પેજ સમિતિના પ્રમુખ તેમના પેજમાં ૭૫ ટકા મતદાન કરાવે તે અંગે માર્ગદર્શન આપ્યું. અને દેશના લોકો અને રાજકીય એકસપર્ટ પાસેથી ''વન નેશન વન વોટર'', ''વન નેશન વન ઈલેકશન'' પર ચર્ચા થાય તે અંગે આશા વ્યકત કરી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કાર્યકરો સાથે સંવાદમાં જણાવ્યું કે, કાર્યકરો ટેકનોલોજીનો ઉપયોગ કેટલો કરે છે તે અંગે માહિતી મેળવતા જણાવ્યું કે, પ્રમુખશ્રી સી.આર.પાટીલ સાહેબ ટેકનોલોજીનો બહુ આગ્રહ રાખે છે તે અંગે માહિતી મેળવી. પેજ સમિતિના પ્રમુખ તેમના પેજમાં જેટલા સભ્યો હોય તેમની સાથે સારા સબંધો વિકસાવવા, સભ્યોને નામથી ઓળખવા અને તેમના સુખ દુઃખમાં ભાગીદાર બનવા પરિવાર ભાવના કેળવવા માર્ગદર્શન આપ્યું. પેજ સમિતિના સભ્યો મહિનામાં એક દિવસ મન કી બાત કાર્યક્રમ સાંભળે અને તેના ફોટા નમો એપમાં અપલોડ કરે તેવું સુચન કર્યુ. રાજયમાં વિવિધ વિકાસના કાર્ય અંગે કાર્યકર્તાઓ સાથે સંવાદ કરી માહિતી મેળવી.

વડાપ્રધાનશ્રીએ સંવાદમાં વધુ જણાવ્યું કે, ભાજપાના દરેક કાર્યકરે જે રીતે કોરોના મહામારીમાં જનતા જનાર્દનની સેવા કરી તે સાબિત કરે છે કે, આપણા માટે સત્તા એ સેવાનું માધ્યમ છે. ભાજપ જ એવી પાર્ટી છે કે જે આ વિચારધારા પર કામ કરે છે કે પહેલા દેશ પછી પાર્ટી. ભાજપનો દરેક નાનામાં નાનો કાર્યકર કેન્દ્ર અને રાજયના વિકાસના કાર્યો પર નજર રાખે તેમ સુચન કર્યુ. અંતમાં ગુજરાતના આ કાર્યક્રમમાં ભાગ લેવાનો અવસર મળ્યો તે બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી ભપેન્દ્રભાઇ પટેલ, પ્રદેશના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબને પેજ સમિતિના સભ્યો સાથે સંવાદ કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવ્યા.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યું કે, આજે માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના પેજ સમિતિના સભ્યો સાથે નમો એપ દ્વારા સંવાદ કર્યો હતો. જેમાં વડાપ્રદાનશ્રીએ રાજયના આઠ જેટલા કાર્યકરો સાથે સીધો સંવાદ કર્યો હતો. અને ગુજરાતના વિકાસ, સરકારના કામોની વાત, કોરોનામાં કરવામાં આવેલા કામો, પ્રવાસનની વાત અંગે કાર્યકરો સાથે ચર્ચા કરી હતી. વડાપ્રધાનશ્રીએ પાર્ટી દ્વારા ચલાવવામાં આવતું માઇક્રોડોનેશ અભિયાનમાં વધુ લોકો જોડવા અને ગુજરાત કુપોષણ મુકત બને તે માટે આહવાહન કર્ય હતું. રાજયમાંથી પેજ કમિટિના સભ્યો સાથે પહેલીવાર સંવાદ કાર્યક્રમમાં આમંત્રણ આપ્યુ હતું અને વડાપ્રધાનશ્રીએ આમંત્રણ સ્વીકારી સંવાદ કર્યો તે બદલ માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો આભાર વ્યકત કર્યો. વડાપ્રધાનશ્રી એ કાર્યકરો સાથે ચર્ચામાં ગુજરાત પ્રત્યેની લાગણી જણાવી. આઇટીના કાર્યકર્તાઓએ, શહેર જીલ્લા પ્રમુખો, ધારાસભ્યોશ્રીઓ, સાંસદશ્રીઓ, મોરચાના આગેવાનોએ આ કાર્યક્રમને સફળ બનાવવા સાથે મળી જે મહેનત કરી તેના કારણે આજે લાખો કાર્યકરો વડાપ્રધાનશ્રી સાથે જોડાઇ શકયા.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સંવાદ પછી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યું કે, પહેલીવાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને કોઇ રાજયમાંથી પેજ કમિટિના સભ્યો સાથે સંવાદ કાર્યક્રમમાં જોડાવવા આમંત્રણ આપ્યુ હતું અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આમંત્રણ સ્વીકારી કાર્યકરો સાથે સંવાદ કર્યો તે બદલ આભાર વ્યકત કર્યો. વડાપ્રધાનશ્રી એ કાર્યકરો સાથે ચર્ચામાં ગુજરાત પ્રત્યેની લાગણી જણાવી. આઇટીના કાર્યકરોએ, શહેર/જીલ્લા પ્રમુખો, ધારાસભ્યોશ્રીઓ, સાંસદશ્રીઓ, મોરચાના આગેવાનોએ સાથે મળી જે મહેનત કરી તેના કારણે આજે લાખો કાર્યકરો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સાથે જોડાઇ શકયા તેમ જણાવ્યું હતું.

## નેશનલ આઇસ સ્ટોક વિન્ટર ચેમ્પિયનશીપ-૨૦૨૨મા

# ડાંગના યુવા રમતવીર શ્રી પૃથ્વી ભોયેએ બ્રોન્ઝ મેડલ મેળવી, ડાંગ અને ગુજરાતનુ નામ રોશન કર્યુ




આહવા તાઃ ૨૫:

૮મી નેશનલ આઈસ સ્ટોક વિન્ટર ચેમ્પિયનશીપ-૨૦૨૨મા ડાંગના યુવા રમતવીર શ્રી પૃથ્વી ભોયેએ બ્રોન્ઝ મેડલ મેળવી, ડાંગ અને ગુજરાતનુ નામ રોશન કર્યુ છે.

તાજેતરમા શ્રીનગરના ગુલમર્ગ ખાતે યોજાયેલી 'નેશનલ આઈસ સ્ટોક વિન્ટર ચેમ્પિયનશીપ' મા ગુજરાત રાજ્યમાંથી કુલ ૧૨ રમતવીરોએ ભાગ લીધો હતો. જેમા આહવા મુકામે રહેતા પૃથ્વી ભોયેએ પણ મેડલ પ્રાપ્ત કરી ડાંગ જિલ્લાનુ નામ રોશન કર્યુ છે. ઉલ્લેખનીય છે કે, આ ચેમ્પિયનશીપમા ગુજરાત સહિત ૧૭ રાજ્યોના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમા ગુજરાતના ૧૨ ખેલાડીઓ પૈકી નવ ખેલાડીઓ એ મેડલ્સ જીત્યા છે. જેમા બહેનોમા (૧) ખ્યાતી ગામિત-સિલ્વર, (૨) દ્રષ્ટિ વસાવા-બ્રોન્ઝ, (૩) જલોરમી પંચાલ-બ્રોન્ઝ, (૪) પરીના પટેલ-બ્રોન્ઝ, અને (૫) હની પટેલ-બ્રોન્ઝ, તથા ભાઈઓમા (૧) પ્રવિણ શર્મા-બ્રોન્ઝ, (૨) પૃથ્વી ભોયે-બ્રોન્ઝ, (૩) પ્રિન્સ પટેલ-બ્રોન્ઝ, અને (૪) પાર્થિવ રાંદેરી-બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે.

આઈસ સ્ટોક સ્પોર્ટસ ફેડરેશન ઓફ ગુજરાત, અને તેના કોચ શ્રી વિકાસ વર્માએ યુવા રમતવીરોને રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનુ નામ રોશન કરવા બદલ શુભેચ્છાઓ પાઠવી છે.

નરેન્દ્ર પવાર.ડાંગ

# પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ દ્વારા પસંદગીના નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકો માટે યોજાશે ઈ-ઑકશન

પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે પસંદગીનાનંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુકવાહનમાલિકોએ આગામી તા.૦૧ફેબ્રુઆરી ૨૦૨૨થી૦૩ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાનીરહેશે.

મોટર સાયકલમાંઅગાઉની સીરીઝમાં બાકી રહેલ ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઑક્શનમાટે શરૂ કરવામાં આવનાર છે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતાવાહનમાલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી h t t p : / vahan.parivahan.gov.in/fancy પરઆગામી તા.૦૧ફેબ્રુઆરી ૨૦૨૨થી૦૩ ફેબ્રુઆરી ૨૦૨૨સુધીમાં ઑનલાઈન રજીસ્ટ્રેશન કરાવી બેઈઝ રકમનું પેમેન્ટ કરવાનુંરહેશે. ત્યારબાદ તા.૦૪ અને ૦૫ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે.

ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ રttp://vahan.parivahan.gov.in/fancy વેબસાઈટ પર જઈ સેલ ઈન્વોઈસની તારીખ અથવા વિમાની તારીખ એ બે માંથી જે વહેલું હશે તે તારીખથી સાત દિવસમાં અરજી કરી દેવાની રહેશે. અરજી કરેલ હોયતેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૬૦ દિવસના અંદર હરાજીમાં ભાગલેવા અરજી કરી શકશે. નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે. જો અરજદારએ હરાજીની પ્રકિયા પૂર્ણ થયાના પાંચ દિવસ સુધીમાં બીડનીરકમના નાણાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે. અસફળ અરજદારને રીફંડ હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના હોવાથી જે રીતે ચૂકવાનું કર્યું હોય તે જ Mode થી અરજદારના તે જ ખાતામાં નાણાં પરત કરવામાં આવશે.

# ડાંગના ગ્રામ રક્ષક દળના બે જવાનોને એનાયત થશે રાજ્ય પારિતોષિકો

આહવા તાઃ ૨૫

પ્રજાસત્તાક પર્વે દેશ અને રાજ્ય કક્ષાએ એનાયત કરાતા શૌર્ય અને બહાદુરી માટેના ગરિમામય પરિતોષિકો આપવાની પરંપરા અનુસાર આજે, ગુજરાતના ચુનંદા બહાદુર જવાનોને, રાજ્ય કક્ષાના ગરિમાપુર્ણ કાર્યક્રમમા પારિતોષિકો એનાયત કરાશે. જેમા ડાંગ જિલ્લાને ગૌરવ અપાવતા બે ગ્રામ રક્ષક દાળના જવાનોનો પણ સમાવેશ થવા પામ્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજા તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, પ્રતિવર્ષ રાજ્ય સરકાર દ્વારા, પ્રજાસત્તાક પર્વ ઉજવણીના ભાગરૂપે શૌર્ય અને બહાદુરી સાથે પ્રશંસનિય પ્રદાન અર્થે મુખ્યમંત્રીશ્રી તથા રાજ્યપાલશ્રીના હસ્તે, રાજ્ય પારિતોષિકો/ચંદ્રકો એનાયત થાય છે.

આ પારિતોષિકો પૈકી આ વર્ષે ડાંગ જિલ્લા પોલીસ બેડાના બે ગ્રામ રક્ષક દાળના બહાદુર જવાનો (૧) શ્રી જયરામભાઈ ઝીપરભાઈ ચૌધરી, તથા (૨) શ્રી કુલજીભાઇ જયરામભાઈ ગાંગોર્ડાની રાજ્ય પારિતોષિકો માટે પસંદગી થઈ છે. જે ડાંગ પોલીસ સહિત સમગ્ર પ્રશાસન, અને જિલ્લા માટે ગૌરવની ઘટના છે.

ઉલ્લેખનિય છે કે, આ વર્ષે ૨૬ હોમગાર્ડ, ૫ બોર્ડરવિંગ હોમગાર્ડ્સ, ૪ નાગરિક સંરક્ષણ, ૩ ગ્રામ રક્ષક દળ મળી કુલ-૩૮ જવાનોની રાજ્ય પારિતોષિક માટે પસંદગી થવા પામી છે.

નરેન્દ્ર પવાર

# અમદાવાદ જિલ્લામાં 'વ્હાલી દિકરી યોજના અંતર્ગત અત્યારસુધીમાં ૭૭૭૧ અરજી મંજૂર

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગે મહિલા-દીકરીઓના સશિકતકરણ અને દીકરીઓના જન્મનું પ્રમાણ વધારવા, દીકરીઓનો શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા, તેમજ બાળ લગ્ન અટકાવવાના ઉદ્દેશથી 'વ્હાલી દીકરી' યોજનાઅમલમાં મૂકી છે.

અમદાવાદ જિલ્લાના મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારી શ્રી શૈલેષભાઇ અંબારિયાએ જણાવ્યું કે,અમદાવાદ જિલ્લામાં 'વ્હાલી દીકરી' યોજના અંતર્ગત અત્યારસુધીમાં ૭૭૭૧ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. જેમાં વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૧૭૦૨, વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૩૦૩ અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૭૬૬ લાભાર્થીએ લાભ મેળવ્યો છે. એટલું જ નહીં, બેટી જન્મને વધાવવા સાથે બેટીના ભણતરને પણ પ્રોત્સાહન આપવાની નેમ સાથે 'વ્હાલી દિકરી યોજના'નો લાભ વધુમાં વધુ લભાર્થીઓ લઇ શકે તેવા પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા થઇ રહ્યા છે.

શ્રી શૈલેષભાઇ અંબારિયાએવધુમાં જણાવ્યું કે, આ યોજના મહિલા કલ્યાણ ક્ષેત્રે સીમાચિહ્નરૂપ પુરવાર થઇ રહી છે. રાજ્યમાં દિકરીઓના જન્મદરને વધારવા અને શિક્ષણમાં વધારો કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. અમદાવાદ જિલ્લામાં પણ આ યોજનાનો લાભ વધુમાં વધુ લાભાર્થીઓ મેળવે તેવા પ્રયાસો થઇ રહ્યા છે. 'વ્હાલી દીકરી' યોજના અંતર્ગત ૦૨ ઓગસ્ટ ૨૦૧૯ કે ત્યાર પછી જન્મેલી દીકરીઓને રૂપિયા ૧.૧૦ લાખની સહાયઆપવામાં આવે છે. જે અંતર્ગત દીકરીને પહેલા ધોરણમાં પ્રવેશ વખતે રૂપિયા ૪ હજાર, ૯માં ધોરણમાં પ્રવેશ વખતે રૂપિયા ૬ હજારની સહાય તેમજ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ માટે કુલ રૂપિયા ૧ લાખ સહાય આપવામાં આવે છે. આ યોજનાનો લાભ કુટુંબના પહેલા ત્રણ બાળકો પૈકીની તમામ દીકરીઓને મળવા પાત્ર છે. આમ, ગુજરાત સરકાર કૂખથી કરિયાવર સુધી દીકરીઓની ચિંતા કરી રહી છે.

# સાયન્સ સિટી ખાતે ૨૭ જાન્યુઆરીના રોજ જીટીયુનો ૧૧મો પદવીદાન સમારોહ યોજાશે

### રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની વર્ચ્યુલી ઉપસ્થિતિમાં પદવીદાન સમારોહને ખુલ્લો મુકાશે, ૫૯૪૯૫ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાશે

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી(જીટીયુ)નો ૧૧મો પદવીદાન સમારોહ તારીખ ૨૭ જાન્યુઆરીના રોજ અમદાવાદ સાયન્સસિટી ખાતે યોજાશે.રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં આ પદવીદાન સમારોહને ખુલ્લો મૂકવામાં આવશે.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના રાજ્યપાલ અને જીટીયુના ચાન્સેલર શ્રી આચાર્ય દેવવ્રતજી, શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર, શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી એસ. જે. હૈદર, ઝાયડસ કેડિલાના મેનેજિંગ ડિરેક્ટરશ્રી પંકજભાઈ પટેલતેમજ જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ અને સચિવ ડૉ. કે. એન. ખેર, બોર્ડ ઑફ ગવર્નન્સ અને એકેડમિક કાઉન્સિલના સભ્યો, ડિન અને એસોસિયેટ ડિન હાજર પણરહેશે.

૧૧માં પદવીદાન સમારોહમાં જુદા-જુદા કોર્સના કુલ ૫૯૪૯૫ જેટલા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે. જેમાંથી ૧૪૪ વિદ્યાર્થીઓ અને ૧ સ્ટાર્ટઅપકર્તાને ગૉલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે. જીટીયુની પરંપરા મુજબ નવીન સાહસને પ્રોત્સાહન આપવા બાબતે શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ કર્તાને આ વર્ષે પણ ગૉલ્ડ મેડલ આપીને સન્માનવામાં આવશે.કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ દ્વારા જીટીયુનો વાર્ષીક અહેવાલ પણ રજૂ કરવામાં આવશે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સરકારશ્રીની તમામ ગાઈડલાઈનનું પાલન કરીને પદવીદાન સમારોહ યોજાશે.

# મહિલાએ જીવન ટૂંકાવવા અંબાજી પોલીસે સાત ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરી પોલિસે ત્રણ આરોપીઓની અટકાયત કરી

અંબાજીમાં વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી ત્રસ્ત મહિલાએ ઝેરી દવા પી અને જીવન ટૂંકાવ્યું હતું વારંવારની ધમકીથી પરેશાન થઈને મહિલાએ જીવન ટૂંકાવવા અંબાજી પોલીસે સાત ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરી પોલિસે ત્રણ આરોપીઓ ની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.અંબાજી માં રહેતા સવિતાબેન રાવળ નામની મહિલાને અંબાજી માં રહેતા સાત વ્યાજખોરોએ ધાક ધમકી આપતા અને પરેશાન કરતા પીડિત મહિલાએ ઝેરી દવા ગટગટાવી અને જીવન ટૂંકાવ્યું હતું આ પીડિત મહિલાને નાણાભીડ હોય આ વ્યાજખોરોએ ૩૦ ટકાના ઊંચા વ્યાજદર થી મહિલાને નાણાં આપ્યા હતા ત્યારબાદ નાણાંની વ્યવસ્થા ન થતા વ્યાજખોરો મૃતક મહિલાના ઘરે જઈને ભાગ ધમકી આપતા અને પઠાણી ઉઘરાણી કરતા જેનું મહિલાને લાગી આવતા અંબાજીના જય અંબે ફ્લેટમાં રહેતી મહિલાએ ઝેરી દવા ગટગટાવી અને પોતાનું જીવન ટુંકાવ્યું હતું જોકે મહિલા ના પુત્ર એ સાત વ્યાજખોરો સામે પોલીસ ફરિયાદ કરી છે.અને ૩ વ્યાજખોરો ની અટકાયત કરી છે. જેને લઈને અંબાજી પોલીસે મૃતકના મોત મામલે તપાસ હાથ ધરી છે.વ્યાજ ખોરો ના ત્રાસ થી અમારા માતાજીએ આપઘાત કર્યો છે. વ્યાજ ખોરો પોતાના મરજી મુજબ વ્યાજ અને ધાક ધમકીઓ આપી ઘર આગને આવી અભદ્ર વેયવહાર કરતા હતા. એવા વ્યાજ ખોરો ના વિરુદ્ધ સખત સજા થવી જોઈએ .

બનાસકાંઠા બ્યુરો..

લક્ષ્મણ ઠાકોર અંબાજી

# નવા યુવા મતદારોને ચૂંટણી કાર્ડના વિતરણ સહિત શ્રેસ્ઠ ERO અને AERO, સેક્ટર ઓફિસર, કેમ્પસ એમ્બેસેડર,સાક્ષરતા ક્લબ અને શ્રેસ્ઠ પાઠશાળાનુ કરાયુ બહુમાન

આહવા તા : ૨૫ :

તા.૨૫ મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ રચાયેલા ભારતના ચૂંટણી પંચ દ્વારા સને ૨૦૧૧ થી પ્રતિવર્ષ તા.૨૫ મી જાન્યુયારીએ 'રાસ્ટ્રીય મતદાતા દિવસ'ની જુદી જુદી થીમ આધારિત ઉજવણી કરવામા આવે છે. જે મુજબ સને ૨૦૨૨ના ૧૨મા 'રાસ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી 'ચાલો, ચૂંટણી પ્રક્રિયાને સમાવિસ્ટ, સુગમ અને સહભાગી બનાવીએ' ને અનુરૂપ ઉજવણી કાર્યક્રમ, દેશ આખની જેમ ડાંગ જિલ્લામા પણ કરવામા આવી હતી. ઉજવણી કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાની ઉપસ્થિતિમા ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર ક્ષેત્ર માટે શ્રેસ્ઠ ઈઈ તરીકે મદદનીશ મતદાર નોંધણી અધિકારી-વ-પ્રાંત અધિકારી સુશ્રી કાજલ ગામીતને સન્માનીત કરાયા હતા. સાથે શ્રેસ્ઠ છઈઈ તરીકે મદદનીશ મતદાર નોંધણી અધિકારી-વ-મામલતદાર-આહવા શ્રી યુ.વી.પટેલનુ પણ સન્માન કરાયુ હતુ.

જિલ્લા સેવા સદન ખાતે 'કોવિડ-૧૯'ની માર્ગદર્શિકાઓને ધ્યાને રાખી યોજાયેલા એક સાદા કાર્યક્રમમા શ્રેસ્ઠ સેક્ટર ઓફિસર તરીકે શ્રી એમ.ડી.આહીર, શ્રેસ્ઠ બી.એલ.ઑ. તરીકે શ્રી પિન્ટુભાઈ પવાર, શ્રેસ્ઠ કેમ્પસ એમ્બેસેડર તરીકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના શ્રી ગમનભાઇ ભોયે, શ્રેસ્ઠ સાક્ષરતા ક્લબ તરીકે શાળા કક્ષાએ આહવાની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષક શ્રી શૈલેષ ભોયે, તથા કોલેજ કક્ષાએ આહવાની સરકારી વિજ્ઞાન કોલેજના પી.ટી.આઈ. શ્રી ડો.જગદીશભાઇ ચૌહાણ સન્માનીત થયા હતા. કાર્યક્રમના ભાગરૂપે નવા યુવા મતદારોને ચૂંટણી કાર્ડના વિતરણ સાથે શ્રેસ્ઠ નાયબ મામલતદાર (મતદારયાદી) તરીકે આહવા તાલુકાના નાયબ મામલતદાર હેતલ ગોવિંદભાઇ સવાણીનુ પણ અભિવાદન કરાયુ હતુ. જ્યારે શ્રેસ્ઠ ઓપરેટર તરીકે આહવા તાલુકાના ઓપરેટર (મતદારયાદી) શ્રી રાકેશ પવારને પણ સન્માનીત કરાયા હતા. આ વેળા રાસ્ટ્રીય મતદાર દિવસ ઉજવણીનો ખ્યાલ આપતા જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ભાવિન પંડયાએ સન્માનીત અધિકારી/કર્મચારીઓને શુભકામનાઓ પાઠવી, કાર્યક્રમ ઉજવણીનો ખ્યાલ આપ્યો હતો. ડાંગના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી સી.વી.પટેલ તથા તેમની ટીમે ચૂંટણી તંત્રની કામગીરીની ઝાંખી રજૂ કરી, રાજયકક્ષાએથી આયોજિત કાર્યક્રમ તથા સ્થાનિક કાર્યક્રમની કાર્યવ્યવસ્થા સંભાળી હતી. નરેન્દ્ર પવાર ડાંગ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.